પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૦-૦૧-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11




# ઈરાનમાં હિંસા બેકાબુ : પોલીસ ગોળીબારમાં ૨૧૭નાં મોત

## તહેરાનની છ હોસ્પિટલમાં લાશોના ઢગલા : ટાઈમનો દાવો : ૩૧ પ્રાંતોના ૧૦૦થી વધુ શહેરમાં જનતા રસ્તા પર ઉતરી


નવી દિલ્હી, તા. ૧૦


ઈરાનમાં ખામેનેઈ શાસન વિરુદ્ધ સતત વધી રહેલા પ્રદર્શનોમાં પોલીસ ગોળીબારમાં અત્યાર સુધીમાં ૨૧૭ લોકોના મોત થયા છે. ઈરાનના ઈતિહાસના આ સૌથી મોટા આંદોલનની આગ ૩૧ પ્રાંતોના ૧૦૦થી વધુ શહેરો તથા ગ્રામીણ ક્ષેત્રમાં ફેલાઈ રહ્યું છે.

૧૩માં દિવસમાં પહોંચેલા આ આંદોલનમાં દેશમાં મોંઘવારી તથા સ્થાનિક ચલણની ઘટતી કિંમતનો રોષ હવે શાસન સામે સીધો પડકાર બની જાય છે. તા.૭ બાદ તેમાં મોટી વૃદ્ધિ થઈ છે.

તહેરાનના એક તબીબો ટાઈમ મેગેઝીનને એક વાતચીતમાં જણાવ્યું કે તહેરાનની છ હોસ્પીટલમાં ૨૧૭ દેખાવકારોની ગોળીઓ લાગેલી લાશ આવી છે. આમ ઈરાનમાં સતાવાર મૃત્યુઆંક કરતા અનેક ગણી વધુ લાશો ઢળી છે.

જ્યારે હજારો લોકોની અટકાયત કરવામાં આવી છે. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ છે કે ઘણા વિસ્તારોમાં સંદેશાવ્યવહાર સેવાઓ ખોરવાઈ ગઈ છે. આમ છતાં, વિરોધ પ્રદર્શનો શાંત થવાના કોઈ સંકેત દેખાતા નથી. મીડિયા અહેવાલો અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ માં





વિરોધ પ્રદર્શનો શરૂ થયા પછી ઓછામાં ઓછા ૬૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુએસ સ્થિત માનવાધિકાર સંગઠન હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી (HRANA) દાવો કરે છે કે મૃત્યુઆંક ૬૫ થી વધુ હોઈ શકે છે. સંગઠન અનુસાર, ૯ જાન્યુઆરીએ વિરોધ પ્રદર્શનો તેમના ૧૩મા દિવસમાં પ્રવેશ્યા હતા, અને અત્યાર સુધીમાં ૨,૩૧૧ લોકોની ધરપકડ

કરવામાં આવી છે. HRANA ના અહેવાલ દર્શાવે છે કે વિરોધ પ્રદર્શનો સમગ્ર ઈરાનમાં ફેલાઈ ગયા છે. દેશના ૩૧ પ્રાંતોમાં ૧૮૦ શહેરોમાં કુલ ૫૧૨ સ્થળોએ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. શરૂઆતમાં, આ વિરોધ પ્રદર્શનો ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ તેહરાનના બે બજારોમાં શરૂ થયા હતા, જ્યાં લોકો મોંઘવારી, બેરોજગારી અને ઈરાની ચલણ, રિયાલના ઘટતા મૂલ્યનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા હતા. ધીમે ધીમે, આ આંદોલન સમગ્ર દેશમાં ફેલાઈ ગયું અને હવે સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીની આગેવાની હેઠળના ધાર્મિક સત્તા સામે ગુસ્સાની સીધી અભિવ્યક્તિ બની ગયું છે.

# વડાપ્રધાન આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે


## વડાપ્રધાન મોદી સાંજે સોમનાથમાં, કાલે રાજકોટ અને સોમવારે અમદાવાદમાં

નવી દિલ્હી, તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ૧૦ જાન્યુઆરીએ સાંજે બપોરે ૪.૩૦ કલાકે રાજકોટ એરપોર્ટ પર પહોંચશે. ત્યાંથી હેલિકોપ્ટર થી સોમનાથ પહોંચશે અને રાત્રે લગભગ ૮ વાગ્યે ઓમકાર મંત્ર જાપમાં ભાગ લેશે, ત્યારબાદ તેઓ સોમનાથ મંદિરમાં ડ્રોન શો નિહાળશે.

૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી શૌર્ય યાત્રામાં ભાગ લેશે, જે સોમનાથ મંદિરની રક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારા અસંખ્ય યોદ્ધાઓના સન્માનમાં આયોજિત એક ઔપચારિક શોભાયાત્રા છે.શૌર્ય યાત્રામાં ૧૦૮ ઘોડાઓની પ્રતીકાત્મક શોભાયાત્રા હશે, જે બહાદુરી અને બલિદાનને પ્રતિબિંબિત કરશે. ત્યારબાદ, સવારે ૧૦:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. સવારે ૧૧ વાગ્યે, પ્રધાનમંત્રી સોમનાથમાં એક જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે અને સંબોધન કરશે.

બપોરે, પ્રધાનમંત્રી કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ભાગ લેવા



રાજકોટ પહોંચશે. બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે, તેઓ કોન્ફરન્સમાં ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ, બપોરે લગભગ ૨ વાગ્યે, પ્રધાનમંત્રી મારવાડી યુનિવર્સિટી, રાજકોટ ખાતે કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કરશે.

તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી ૧૪ ગ્રીનફિલ્ડ સ્માર્ટ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (GIDC) એસ્ટેટના વિકાસની જાહેરાત પણ કરશે અને રાજકોટ ખાતે GIDCના મેડિકલ ડિવાઈસ પાર્કનું ઉદ્ઘાટન કરશે.

વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશના ૧૨ જિલ્લાઓમાં યોજાઈ રહી છે. ફક્ત આ પ્રદેશોને સમર્પિત, આ પરિષદનો ઉદ્દેશ્ય પશ્ચિમ ગુજરાતમાં રોકાણ અને ઔદ્યોગિક વિકાસ માટે નવી ગતિ લાવવાનો છે.

પરિષદના મુખ્ય ક્ષેત્રોમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, ખનિજો, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, MSME, પ્રવાસન અને સંસ્કૃતિ વગેરેનો સમાવેશ થાય છે.

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં ગાઢ ધૂમ્મસ છવાતા ઝેરી પ્રદૂષણમાં તિવ્ર વધારો

## દિલ્હીના કેટલાક વિસ્તારોમાં એકયુઆઈ ૪૦૦ને પાર

નવી દિલ્હી, તા. ૧૦

શુક્રવારે હળવા વરસાદ છતાં, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR) ને પ્રદૂષણથી કોઈ ખાસ રાહત મળી નથી. દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદના ઘણા વિસ્તારોમાં હવા ગુણવત્તા સૂચકાંક (AQI) જોખમી શ્રેણીમાં નોંધાયો હતો, જે કેટલાક સ્થળોએ ૪૦૦ ને વટાવી ગયો હતો. પ્રદૂષણની સાથે, ઠંડી અને ગાઢ ધુમ્મસને કારણે લોકોની મુશ્કેલીઓ પણ વધી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની



ધારણા છે, જેનો અર્થ એ છે કે કડકડતી ઠંડીથી કોઈ રાહત મળવાની શક્યતા નથી. દિલ્હીના વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર અત્યંત ખરાબ રહ્યું. નરેલામાં AQI ૩૪૩, નેહરુ નગરમાં ૪૨૮, પંજાબી બાગમાં ૩૭૩, પુસામાં ૩૮૩ અને આરકે પુરમમાં ૩૯૨ નોંધાયું હતું. આનંદ વિહારમાં પરિસ્થિતિ વધુ ગંભીર હતી, જ્યાં AQI ૪૨૫ પર પહોંચ્યો હતો. અશોક વિહારમાં ૩૬૯, બવાનામાં ૩૫૪, ચાંદની ચોકમાં ૪૦૮, ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ વિસ્તારમાં ૩૯૦ અને DTU વિસ્તારમાં ૩૩૯ AQI નોંધાયું હતું. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે રાજધાનીની હવા ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' થી 'ગંભીર' શ્રેણીમાં રહે છે.

અનુસંધાન પાના ૭ પર

# દેશના મોટા ભાગમાં આખુ વર્ષ પ્રદુષિત હવાનો વ્યાપ

## સીઆરઈએના રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો કરાયો

નવી દિલ્હી, તા. ૧૦

ભારતના ૪૪ ટકા શહેર લાંબા સમયથી વાયુ પ્રદુષણનો સામનો કરી રહ્યા છે, એટલે કે અહીં પ્રદુષણ કોઈ તહેવાર કે ખા ઘટનાઓ (જેમકે પરાળી સળગાવવી)ના કારણે નથી, બલકે એ માળખાગત સમસ્યા છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ કલીન એર (સીઆરઈએ)ના રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે.

રિપોર્ટ મુજબ અહી પ્રદુષણનો સ્ત્રોત (જેમકે ફેકટરીઓ, ગાડીઓ) વર્ષોથી ઝેરીલી હવાઓ ઓકી રહી છે. આ ૪૪ ટકા શહેરોમાંથી માત્ર ૪ ટકા શહેરો રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ અંતર્ગત આવે છે.

રિપોર્ટમાં ૨૦૨૫માં પીએમ ૨.૫ના આધારે સૌથી પ્રદુષિત શહેરોમાં રેન્ક કરાયું છે. જે મુજબ બર્નીહાટ (આસામ), દિલ્હી અને ગાઝીયાબાદ દેશના ટોપ ત્રણ પ્રદુષિત શહેરોમાં સામેલ છે. નોઈડા આ લિસ્ટમાં ચોથા નંબરે છે, ત્યારબાદ ગુરુગ્રામ, ગ્રેટર નોઈડા,

અનુસંધાન પાના ૭ પર

# સૌ પ્રથમવાર બજેટ રવિવારે રજૂ કરાશે

નવી દિલ્હી, તા. ૧૦

આ વખતે દેશનું બજેટ ૨૦૨૬ ૧ ફેબ્રુઆરી, રવિવારના રોજ રજૂ થશે. સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલશે. રાષ્ટ્રપતિએ તેને મંજૂરી આપી દીધી છે.૨૮ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિનું અભિભાષણ હશે. ૨૯ જાન્યુઆરીએ આર્થિક સર્વેક્ષણ રજૂ થશે. રવિવાર છતાં ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરાશે. બજેટ સત્રનો પહેલો તબક્કો ૧૩ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. બીજો તબક્કો ૯ માર્ચથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલશે.સંસદીય મામલાઓની કેબિનેટ સમિતિ દ્વારા નક્કી કરાયેલા સંભવિત કાર્યક્રમનો હવાલો આપતા અધિકારીઓએ કહ્યું કે, રાષ્ટ્રપતિનું પારંપરિક અભિભાષણ હશે. બીટિંગ રિટ્રીટ સમારોહના કારણે ૨૯ જાન્યુઆરીએ બંને

અનુસંધાન પાના ૭ પર

# જયપુરમાં બેફામ બનેલી ઓડી કારે ૧૮ને કચડયાં: એકનું મોત

## બેકાબૂ કાર લારી-ગલ્લાઓ પર કહેર બનીને ત્રાટકતા અફડા તફડી

જયપુર, તા. ૧૦

રાજસ્થાનની રાજધાની જયપુરમાં રાત્રે એક હાઈ-સ્પીડ ઓડી કારના ચાલકે ભારે તબાહી મચાવી હતી. શહેરની પત્રકાર કોલોનીમાં થયેલા આ ભીષણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૧૭ અન્ય લોકો ઘાયલ થયા છે. દારૂના નશામાં ધૂત કારચાલકે અનેક લારી-ગલ્લા અને લોકોને અડફેટે લીધા હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ ઘટના શુક્રવારે રાત્રે ૯:૩૦ વાગ્યે જયપુરની પત્રકાર કોલોનીમાં બની હતી. એક તેજ રફતાર ઓડી કાર પહેલા ડિવાઈડર સાથે અથડાઈ અને પછી બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં ઉભેલી લારીઓ પર કહેર બનીને ત્રાટકી.કાર લગભગ ૩૦ મીટર સુધી લારીઓ અને ગલ્લાઓને કચડતી ચાલી ગઈ. આ ટક્કર એટલી જોરદાર હતી કે ૧૨થી વધુ લારી-ગલ્લા પલટી ગયા હતા, જ્યારે રસ્તાની બાજુમાં ઉભેલી અન્ય એક કાર પણ પલટી ગઈ હતી.આ ભીષણ અકસ્માતમાં ૧૭ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ મુહાના અને પત્રકાર કોલોની પોલીસ સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા એસએમએસ અને જયપુરિયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ડેપ્યુટી સીએમ પ્રેમચંદ બૈરવાના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. ૧૩ ઘાયલોની સારવાર હાલમાં ચાલી રહી છે, જ્યારે ચાર લોકોને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા છે.પ્રાથમિક તપાસમાં ઓડી કારની ઝડપ અત્યંત તેજ હોવાનું જણાયું છે અને કાર ચાલક નશામાં હોવાની પણ આશંકા છે.

# યુવા સાથીદારો સાથે સંવાદ કરવા મોદી ઉત્સુક

## ડેવલપ ઈન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ પહેલા વડાપ્રધાનનો સંદેશ

નવી દિલ્હી, તા. ૧૦

નવી દિલ્હી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે "ડેવલપ ઈન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ" માં દેશના યુવાનો સાથે વાતચીત કરશે. શનિવારે, તેમણે કહ્યું કે તેઓ "ડેવલપ ઈન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ" માં દેશભરના તેમના યુવા સાથીદારો સાથે વાતચીત કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાની પોસ્ટનો જવાબ આપતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખ્યું, "અમારા યુવાનો, જબરદસ્ત ઉત્સાહ અને અજોડ જુસ્સાથી ભરેલા, એક મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્ર માટે પ્રતિબદ્ધ છે. હું "ડેવલપ ઈન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ" માં દેશભરના મારા યુવા સાથીદારો સાથે વાતચીત કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. હું ૧૨ જાન્યુઆરીએ આ કાર્યક્રમમાં તમને બધાને મળીશ." અગાઉ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ઠ પર પોસ્ટ કર્યું હતું કે "ડેવલપ ઈન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ" માટે દેશભરમાંથી ૩,૦૦૦ મહેનતુ યુવાનો દિલ્હી પહોંચ્યા છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારતની સમૃદ્ધ સંસ્કૃતિથી પ્રેરિત આ યુવા, પ્રધાનમંત્રી નરેન્દ્ર

અનુસંધાન પાના ૭ પર



## સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત

# કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે સુરત સ્ટેશનથી ૧૨૯૬ જેટલા શ્રધ્ધાળુઓને પ્રસ્થાન કરાવ્યું

### સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત શ્રદ્ધાળુઓ કરશે સોમનાથ દાદાના દિવ્ય દર્શન

સુરત, તા.૧૦

ભારતની પ્રાચીન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત કેન્દ્ર એવા સોમનાથ મંદિર ખાતે આયોજિત સોમનાથ સ્વાભિમાન પર્વનો ભવ્ય પ્રારંભ થયો છે, ત્યારે હજારો શ્રદ્ધાળુઓ દેશભરમાંથી સોમનાથ દાદાના દર્શનાર્થે જઈ રહ્યા છે. આજ રોજ સુરત રેલ્વે સ્ટેશનથી સુરત અને વેરાવળની સ્પેશિયલ ટ્રેનને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે ફ્લેગઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

'ભારત માતા કી જય, હર હર મહાદેવ, ઓમ નમઃશિવાય'ના નાદ સાથે સુરત જિલ્લાના ૧૨૯૬ જેટલા વડીલો, યુવાનો સહિતના શ્રદ્ધાળુઓ સાથેની ટ્રેનને રવાના કરાઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, 'વિકાસ ભી, વિરાસત ભી'ના ધ્યેય સાથે દેશના ઈતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. આજથી લગભગ એક હજાર વર્ષ પહેલા ગઝનવી દ્વારા સોમનાથ મંદિર પર આક્રમણ કરીને તેને તોડવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૬માં આ ઘટનાને એક હજાર વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે, તે સમયે સનાતન હિન્દુ ધર્મના આ આસ્થાકેન્દ્રને નષ્ટ કરીને ધર્મ અને તેમાં આસ્થા ધરાવતા લોકો પર પ્રહાર કરવામાં આવ્યો હતો. આવો પ્રહાર એક વખત નહી, પરંતુ અનેક વખત કરવામાં આવ્યો, પરંતુ અનેક આક્રમણો બાદ પણ અંતે આસ્થાનો વિજય થયો. જે લોકો ધર્મને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરતા હતા તેમનો પરાજય થયો અને આજે પણ સનાતન હિન્દુ ધર્મ પ્રત્યેની અડગ આસ્થા લોકોના હૃદયમાં યથાવત્ રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, એક હજાર વર્ષના ઈતિહાસને ઉજાગર કરવા માટે વડાપ્રધાનશ્રી સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી ભવ્ય કલાકારો, મહેમાનો અને

અનુસંધાન પાના ૭ પર

# ઉન પાટિયામાં 'સર' નોટિસની સુનાવણી સ્થાનિક સ્તરે યોજવા ઉઠેલી માંગણી

### ઉનના મતદારો માટે કનસાડ કોમ્યુનિટી હોલમાં ચાલે છે સુનાવણી

સુરત, તા.૧૦

સુરત શહેરમાં ચાલી રહેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR) પ્રક્રિયા અંતર્ગત ઉન પાટિયા વિસ્તારના મોટી સંખ્યામાં નાગરિકોને વર્ષ-૨૦૦૨ની મતદાર યાદી સાથે જોડાણ બાબતે નોટિસ આપવામાં આવી છે. આ નોટિસ મુજબ નાગરિકોને કનસાડ કોમ્યુનિટી હોલ ખાતે હાજર રહી સુનાવણીમાં ભાગ લેવા સૂચવવામાં આવ્યું છે.

આ બાબતે ઉન પાટિયા મતદાર જાગૃતિ અભિયાન તરફથી જિલ્લા ચૂંટણી અધિકારી અને સંબંધિત અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે કે ઉન પાટિયા વિસ્તાર મધ્યમ વર્ગ, ગરીબ અને શ્રમિક વર્ગનો વિસ્તાર હોવાથી, કનસાડ સુધી જવું ઘણા નાગરિકો માટે ખર્ચાળ અને સમયસાપેક્ષ સાબિત થઈ રહ્યું છે. રોજિંદી મજૂરી પર નિર્ભર લોકો માટે કામ છોડીને દૂર જવું ભારે મુશ્કેલ બને છે.

રજુઆતમાં માંગ કરવામાં આવી છે કે, ઉન પાટિયા વિસ્તારમાં જ (નજીકની વોર્ડ ઓફિસ, કોમ્યુનિટી હોલ અથવા સરકારી મકાનમાં) નોટિસ સંબંધિત સુનાવણી યોજવામાં આવે. જેથી નાગરિકો પોતાના દસ્તાવેજો સાથે સરળતાથી હાજર રહી શકે અને નોટિસનો જવાબ આપી શકે. આથી

અનુસંધાન પાના ૭ પર



# ઓલપાડમાં રૂ.૪૦.૯૬ કરોડના ૧૩ વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

### સુરત જિલ્લામાં હાટ બજારની આડમાં ડ્રગ્સનું દુષણ વધ્યું : મુકેશ પટેલ

સુરત, તા.૧૦

ઓલપાડ તાલુકાના સરસાણા ગામે કોબા રોડ ઉપર આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતેથી રાજ્યકક્ષાના પૂર્વમંત્રી અને ૧૫૫-ઓલપાડ વિધાનસભા મતક્ષેત્ર ના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના વરદહસ્તે રૂ.૪૦.૯૬ કરોડના ૧૩ વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

વિગત મુજબ મોર જિલ્લા પંચાયત સીટ માં સમાવિષ્ટ ગામોમાં મંજૂર થયેલ રૂ.૪૦.૯૬ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કરતાં પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે,રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની દીર્ઘ દ્રષ્ટિથી પોલીસ તંત્ર રાજ્યમાં ચાલતા નશાના કાળા કારોબારને નાથવામાં સતત સફળ થઈ રહ્યા છે.જયારે સુરત જિલ્લામાં પણ હાટ બજારની આડમાં ડ્રગ્સનું દુષણ વધતા યુવાનોના માં-બાપે સતર્ક રહેવાની જરૂર છે.જે સાવચેતીના ભાગરૂપે મેં જિલ્લા પોલીસ વડાનો સંપર્ક કરી મારા ઓલપાડ વિધાનસભા મતક્ષેત્ર ના સાયણ,ઓલપાડ,કીમ સહિતના વિવિધ વિસ્તારોમાં ચાલતા હાટ બજારો તાકીદે બંધ કરવા સૂચના આપી દીધી છે.તેમણે આ પ્રસંગે બે ગામોને જોડતા અનેક રસ્તા ઓ બનાવડાવી લોકોના સામાજિક સબંધોનું અંતર ઘટાડ્યું હોવાનું કહી નજીકના દિવસોમાં હજુ પણ બે ગામોને જોડતા નવા રસ્તાઓ બનાવવા લોકો નડતર રૂપ જમીનની સમસ્યા હલ કરે તેવો અનુરોધ કર્યો હતો.આ કાર્યક્રમમાં ઓલપાડ તા.પં.ના પ્રમુખ નીતાબેન પટેલની ટીમ,જિ.પં.ના સભ્યો,તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપસિંહ, મહામંત્રી સુનિલભાઈ પટેલ સહિત સંગઠન ટીમ,વિવિધ ગામોના સરપંચો સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતાં.

# કાપોદ્રા હત્યા કેસમાં આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરાઈ

### વકીલ નિરજ બી દેસાઈની દલીલો ગ્રાહ્ય રાખતી સેશન્સ કોર્ટ

સુરત, તા.૧૦

બે વર્ષ પહેલા કાપોદ્રામાં ભાણેજ પર થયેલા હુમલાની અદાવત રાખી હુમલો કરનાર યુવક પર છરાથી હુમલો કરી હત્યા કરવાના કેસમાં મામાએ કરેલી રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે બચાવ પક્ષના વકીલ નિરજ બી.દેસાઈની દલીલો ગ્રાહ્ય રાખી મંજુર કરી હતી.

આ કેસની વિગત અનુસાર બે વર્ષ પહેલા વરાછા વિસ્તારમાં અંકુશ રાજપુત ઉપર ચપ્પુથી હુમલો કરાયો હતો. હુમલો કરનાર યુવક પર દાઝ રાખીને અંકુશના મામા પંકજ ઉર્ફે મામો ઉર્ફે આબા ભીમસીંગ રાજપુત ઉ.વ.૪૫ (રહે. કાપોદ્રા, ચંચલનગર)એ કાપોદ્રા વિસ્તારમાં ભાણેજ પર હુમલો કરનાર યુવક પર છરા વડે હુમલો કર્યો હતો. કુલ ચાર આરોપીઓ દ્વારા કરાયેલા હુમલામાં યુવાનનું મોત નિપજ્યું હતું. આ મામલે કાપોદ્રા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે પંકજ ઉર્ફે મામોની ધરપકડ કરી લીધી હતી. જેલમાં બંધ પંક ઉર્ફે મામાએ એડવોકેટ નિરજ બી.દેસાઈ મારફતે સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેની સુનાવણી થતા નિરજ બી.દેસાઈએ દલીલ કરી હતી કે હાલનાં આરોપીનો માત્ર ધમકી આપવાનો ગુનામાં રોલ છે. બાકીના આરોપીઓને હાઈકોર્ટે રેગ્યુલર જામીન આપ્યા છે. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ પંકજ ઉર્ફે મામો રાજપુતના જામીન મંજુર કર્યા હતા.

# શિક્ષકો પાસે બિન શૈક્ષણિક કામ ન લેવું જોઈએ: તખુભાઈ સાંડસુર

### ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચની સરકારને વિનંતી



સુરત, તા.૧૦

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચનું એક પ્રતિનિધિ મંડળ રાજ્ય સરકારના નિયુક્ત મંત્રીઓને શુભેચ્છા અને સંવાદ માટે ગયું હતું.

મંચના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુરના નેતૃત્વમા પ્રતિનિધિ મંડળે સોમવાર તા ૫/૧/૨૬ના રોજ શિક્ષણના નીતિવિષયક અને શિક્ષણના સાર્વત્રિક ગુણવત્તાલક્ષી અમલીકરણના મુદ્દાઓ વગેરેને રાજ્ય સરકારને રજુ કરવા મુલાકાત કરી. શિક્ષણ મંત્રીશ્રીઓ શ્રી પ્રદ્યુમન વાજા, શ્રી રિવાબા જાડેજા અને શ્રી ત્રિકમભાઈ છાંગાને મળીને રજૂઆત કરવામાં આવી કે હવે પછી શરૂ થનાર વસ્તી ગણતરી જેવા કાર્યક્રમો કે જેમાં અન્ય કોઈ સ્ત્રોત કે એજન્સીનો ઉપયોગ કરીને આ કામ કરી શકાય તેમ છે. આ કાર્ય શિક્ષકોને ન સોંપવું જોઈએ તેવી લાગણી દર્શાવી?. અભ્યાસક્રમોમાં મૂલ્ય શિક્ષણના સંવર્ધન માટે ઐતિહાસિક તથ્યોને રજૂ કરતી બાબતોનું ભારણ વધારવું, શ્રેષ્ઠ શિક્ષકોના પારિતોષિકની સમિતિને વધુ પારદર્શક અને બૃહદ બનાવવી,અનુદાનિત શાળાઓ ગામડામાં ટકી શકે તે માટે સંખ્યા અને સંખ્યા આધારિત અનુદાનુમાં પરિવર્તન લાવવું.આ પ્રકારના શિક્ષણની નીતિ અને હિતના મુદ્દાઓને શિક્ષણ મંત્રીશ્રીઓને ગળે ઉતારવા અને વ્યાપક રીતે સ્વીકાર કરાવવા શિક્ષણ પ્રતિનિધિઓએ પોતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. સચિવાલય ખાતે ઉપસ્થિત બંને શિક્ષણ મંત્રીઓ સુશ્રી રીવાબા તથા શ્રી ત્રિકમભાઈ છાંગાએ હકારાત્મક અભિગમ દર્શાવીને આ દિશામાં જે કંઈ થઈ શકે તે કરવાની તૈયારીઓ દર્શાવી હતી.મંચના અગ્રણીઓ શ્રી શ્યામજીભાઈ દેસાઈ, પ્રદિપસિંહ સિંધા, પ્રતિમાબેન મોરી, મમતાબેન જોશી વગેરે જોડાયા હતાં.

# કુદિયાણા કેન્દ્રની પ્રાથમિક શાળાઓનો શિયાળુ રમતોત્સવ

### ઓલપાડનાં લવાછાની શ્રી ઝેડ.એમ.પટેલ વિદ્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો





સુરત, તા.૧૦

શિક્ષણ અને સંસ્કારની સાથે વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે પણ પોતાનું કૌશલ્ય કેળવે એવાં શુભ હેતુસર ક્લસ્ટર રિસોર્સ સેન્ટર,કુદિયાણા દ્વારા શિયાળુ રમતોત્સવ લવાછા સ્થિત શ્રી ઝેડ.એમ.પટેલ વિદ્યાલય ખાતે યોજવામાં આવ્યો હતો.જેમાં કુદિયાણા કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓ તથા યજમાન શાળાનાં ધોરણ ૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન એવાં ભૂપેન્દ્રભાઈ પટેલ,જાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ નટવરભાઈ પટેલ, મંત્રી પ્રવિણભાઈ પટેલ,બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ તથા ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોરે દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો.શ્રી ઝેડ.એમ.પટેલ વિદ્યાલયનાં આચાર્ય પંકજભાઈ પટેલે સૌને શબ્દગુચ્છ દ્વારા આવકાર્યા હતાં.

પ્રારંભે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલે સૌ રમતવીરોને સ્પર્ધાનાં નિયમોથી વાકેફ કરી જરૂરી માર્ગદર્શન સાથે શુભેચ્છા પાઠવી હતી.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે જીવનમાં શારિરીક અને માનસિક તદુંરસ્તી જરૂરી નહિ પરંતુ અનિવાર્ય છે ત્યારે આવા રમતોત્સવ વિદ્યાર્થીઓમાં પર્યાપ્ત ઉર્જા પ્રદાન કરે છે.સદર રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડ, ભૂખ્યા પંખી,ત્રિપગી દોડ,કોથળા દોડ,રીંગણ દોડ,સિક્કા શોધ,સ્લો સાયકલિંગ,સંગીતખુરશી,લીંબુ ચમચી જેવી વિવિધ વ્યક્તિગત રમતો ઉપરાંત કબડ્ડી તથા ખોખો જેવી સાંઘિક રમતો યોજવામાં આવી હતી.એક થી ત્રણ ક્રમે વિજેતા સ્પર્ધકોને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે પ્રોત્સાહક ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતાં. રમતોત્સવને સુપેરે પાર પાડવા કુદિયાણાનાં સી.આર.સી.કો-ઓર્ડિનેટર અશોક પટેલ,કેન્દ્રાચાર્ય વિનોદ પટેલ,માજી સીઆરસી કનૈયાલાલ પટેલ,યજમાન શાળા પરિવાર સહિત કુદિયાણા કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓનાં શિક્ષક ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી. અંતમાં જાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટનાં મંત્રી પ્રવિણભાઈ પટેલે કાર્યક્રમને સફળ બનાવનાર તમામ નામી-અનામી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# પશ્ચિમ રેલ્વેની કેટલીક ટ્રેનોના સમય પત્રકમાં ફેરફાર કરાયો

સુરત, તા.૧૦

૧. ટ્રેન નં. ૨૨૯૭૧ બાંદ્રા ટર્મિનસ - પટના સુપરફાસ્ટ ટ્રેન નં. ૨૨૯૭૧ બાંદ્રા ટર્મિનસ - પટના સુપરફાસ્ટના સ્ટોપેજ સમયમાં સુધારો કરીને ૨૨:૫૩/૨૨:૫૫ ને બદલે ૨૨:૫૩/૨૨:૫૮ કરવામાં આવ્યો છે. ૨. ટ્રેન નં. ૧૯૦૫૧ વલસાડ - મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન નં. ૧૯૦૫૧ વલસાડ - મુઝફ્ફરપુર એક્સપ્રેસના સ્ટોપેજ સમયમાં સુધારો કરીને ૨૨:૫૩/૨૨:૫૫ ને બદલે ૨૨:૫૩/૨૨:૫૮ કરવામાં આવ્યો છે. ૩. ટ્રેન નં. ૧૨૯૪૩ વલસાડ - કાનપુર સેન્ટ્રલ ઉદ્યોગકર્મી એક્સપ્રેસ ટ્રેન નં. ૧૨૯૪૩ વલસાડ - કાનપુર સેન્ટ્રલ ઉદ્યોગકર્મી એક્સપ્રેસનો સ્ટોપેજ સમય ભેસ્તાન સ્ટેશન પર ૨૨:૫૩/૨૨:૫૫ ને બદલે ૨૨:૫૩/૨૨:૫૮ કરવામાં આવ્યો છે. ટ્રેન સ્ટોપેજ અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


# મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ દ્વારા કૃતજ્ઞતા સમારોહનું આયોજન

સુરત, તા.૧૦

IDBI બેંક,સુરત રીજન દ્વારા CSR હેઠળ મસ્કતી ધર્માર્થ હોસ્પિટલને રૂ.૧૦ લાખનું લેપ્રોસ્કોપ મશીનનું અર્પણ તથા Gsnp પ્લસ સંસ્થા દ્વારા મસ્કતી ધર્માર્થ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને વિનામુલ્યે સાંજનું ભોજન પૂરું પાડવા બદલ સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ ખાતે આજે એક વિશેષ 'કૃતજ્ઞતા સમારોહ' (Gratitude Function) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે IDBI બેંક દ્વારા તેના CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) ફંડ હેઠળ હોસ્પિટલને અત્યાધુનિક લેપ્રોસ્કોપ મશીન અર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. જીતેન્દ્ર દર્શન, સર્જરી વિભાગના વડા ડો. અર્ચના નીમા, IDBI બેંકના સુરત રીજનલ હેડ શ્રી નાગા રેવતી કુમાર, ભાગાતળાવ બ્રાન્ચ હેડ શુભાશિષ સિન્હા, RMO ડો. એચ. કે. સોંધરવા, GSNP+ ના પ્રોજેક્ટ ઓફિસર તેમજ હોસ્પિટલ અને બેંકના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનશે નવી ટેકનોલોજી :-

કાર્યક્રમની શરૂઆત મસ્કતી ધર્માર્થ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ RMO ડો. એચ. કે. સોંધરવાએ સ્વાગત પ્રવચન આપી મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા ડો. જીતેન્દ્ર દર્શન જણાવ્યું હતું કે, "મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ IDBI બેંકનો હૃદયપૂર્વક આભાર માને છે. આ લેપ્રોસ્કોપ મશીન આવવાથી દર્દીઓને મોટા ઓપરેશનને બદલે નાના કાપા દ્વારા સચોટ સારવાર મળશે. જેનાથી દર્દીને દુખાવો ઓછો થશે, હોસ્પિટલમાં રોકાણ ઘટશે અને રિકવરી ઝડપથી આવશે. અમે ખાતરી આપીએ છીએ કે આ મશીનનો મહત્તમ ઉપયોગ જરૂરિયાતમંદ દર્દીઓ માટે કરવામાં આવશે." IDBI રીજનલ હેડ શ્રી નાગા રેવતી કુમારે જણાવ્યું હતું કે, તેમની બેંક આરોગ્ય, શિક્ષણ અને પોષણના ક્ષેત્રમાં આર્થિક મદદ કરીને સમાજ સેવા માટે કટિબદ્ધ છે. તેમણે બેંક દ્વારા કરવામાં આવતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ (CSR) વિશે વિગતવાર માહિતી આપી હતી.GSNP+ ના પ્રોજેક્ટ

અનુસંધાન પાના ૭ પર



## અમિતાભ બચ્ચનને મેયરે ડાયમંડ પોર્ટ્રેટ ભેંટમાં આપ્યું



**સ્વચ્છતા ક્ષેત્રે દેશભરમાં નંબર વન બનેલી સુરત મહાનગરપાલિકાની સિદ્ધિઓ અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી. સાથે જ વિવિધ ભાષાઓમાં શિક્ષણ પ્રદાન કરી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના "વસુધૈવ કુટુંબકમ" ના સંકલ્પને સાર્થક કરતી મહાનગરપાલિકાની કામગીરીને પ્રશંસા મળી. ડાયમંડ સિટી સુરતના મહેમાન બનવાના પ્રસંગે મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી દ્વારા શ્રી અમિતાભ બચ્ચનજીને સ્મૃતિરૂપે ડાયમંડનું સુંદર પોર્ટ્રેટ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું.**



# વલસાડની કોમર્સ કોલેજમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ

### ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો

વલસાડ, તા.૧૦

રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સહયોગથી વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજ ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ સેલ અંતર્ગત કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનોનાં લાભાર્થે કોલેજ એક્ટિવિટી હોલમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. સચિન પટેલ અને શ્રી રવજીતસિંગ અટલ પ્રોજેક્ટ ઓફિસર ભારતીય ઉદ્યમિત વિકાસ સંસ્થાન, અમદાવાદથી વિકાસ નિષ્ણાંત તરીકે સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ વિદ્યાર્થી બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રો. વિજયકુમાર ચાંપાનેરીએ આવા કાર્યક્રમો સરકારશ્રીના સહયોગથી વારંવાર યોજાય અને કોલેજમાંથી પણ વિદ્યાર્થીઓ ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રે આગળ વધે અને પરિમાણલક્ષી કાર્ય કરે તેના પર ભાર મૂકીને ભાગ લેનાર વિદ્યાર્થિની બહેનોને શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં પ્રથમ સત્રમાં વિષય નિષ્ણાંત દ્વારા ડૉ.સચિન પટેલ ઉપસ્થિત વિદ્યાર્થિની બહેનોને નો ઉપયોગ કરીને તથા વિવિધ ઉપકરણો દ્વારા સફળ ઉદ્યોગકારોની સફળતાના રહસ્યોની સમજણ આપી હતી. ઉદ્યોગ સાહસિક બનવા માટે વિવિધ આયોજનો તથા સમયાંતરે અનુભવ દ્વારા વિવિધ તકોને ઝડપી લેવી તથા રોજગારીનું સર્જન, કૌશલ્ય વિકાસ, નેતૃત્વ અને આયોજન, આત્માનિર્ભરતા, વ્યવસાય વધારીને ભવિષ્યની સુરક્ષિતતા, નવીન સંશોધનો, સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરવું જેવા જુદા જુદા મુદ્દાઓને આવરી લઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

અનુસંધાન પાના ૭ પર

# ગુંદલાવ પેટા વિભાગીય કચેરીમાં ૧૦૦ ટકા સ્માર્ટ મીટર સ્થાપન પૂર્ણ

સુરત, તા.૧૦

DGVCL દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશનની કામગીરી એપ્રિલ-૨૦૨૪થી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં કેટલાક વીજ ગ્રાહકોમાં અસમંજસ અને દ્વિધા જોવા મળી હતી, પરંતુ સ્માર્ટ મીટરની ઉપયોગિતા તથા ભવિષ્યલક્ષી લાભોની જાણકારી વધતાં ગ્રાહકો તરફથી ઉત્તમ અને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આજ દિન સુધીમાં ૮.૯૫ લાખથી વધુ સ્માર્ટ મીટર સફળતાપૂર્વક ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

આ હકારાત્મક સહકારના પરિણામે વલસાડ વર્તુળ કચેરીના તાબા હેઠળની ગુંદલાવ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં ૧૦૦% સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશન પૂર્ણ થયું છે, જેમાં રહેણાંક, કોમર્શિયલ, ઔદ્યોગિક એમ તમામ પ્રકારના વીજ ગ્રાહકોનો સમાવેશ થાય છે. જે વીજ ગ્રાહકોમાં સ્માર્ટ મીટર પ્રત્યે વધતી વિશ્વસનીયતા અને સ્વીકાર્યતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત વાપી GIDC તથા વાપી વેસ્ટ પેટા વિભાગીય કચેરીમાં પણ આશરે ૯૦% સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશન કાર્ય પૂર્ણ થયું છે, જે ટૂંક સમયમાં ૧૦૦% પૂર્ણ થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ સિદ્ધિ માનવંતા વીજ ગ્રાહકોના હકારાત્મક અભિગમ, સમજદારી અને સહકારથી શક્ય બની છે, જે બદલ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ તમામ વીજ ગ્રાહકોનો આભાર વ્યક્ત કરે છે. DGVCL વીજ ગ્રાહકોમાં સ્માર્ટ મીટર સ્થાપન અંગે જન જાગૃતિ ફેલાવવા માટે તેમજ ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય વીજ સેવા પ્રદાન કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને રહેશે. DGVCL આવનાર સમયમાં પણ ટેક્નોલોજી આધારિત નવતર પહેલો દ્વારા વીજ સેવાઓને વધુ સરળ, વિશ્વસનીય અને પારદર્શક બનાવતી રહેશે. તેના ભાગરૂપે સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી સાથે સાથે, એક લાઈન પર ફોલ્ટ સર્જાય ત્યારે વીજ પુરવઠો તાત્કાલિક બીજી લાઈન પરથી કાર્યરત કરી શકાય તેવી અદ્યતન ટેક્નોલોજી એટલે કે RMU (રીંગ મેઈન યુનિટ) અને આ ટેક્નોલોજીને રીમોટ લોકેશનથી ઓપરેટ કરી શકાય તે માટે SCADA જેવી આધુનિક ટેક્નોલોજી વાળી સિસ્ટમને પણ સ્થાપિત કરી રહી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions






# કચ્છ અને સૌરાષ્ટ્ર

## 11 અને 12 જાન્યુઆરી, 2026

## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- સિરામિક્સ
- MSMEs
- એન્જિનિયરિંગ
- સ્ટાર્ટઅપ્સ
- મિનરલ્સ
- પેટ્રોકેમિકલ્સ
- મત્સ્યોદ્યોગ
- ટેક્સ્ટાઇલ
- પૉર્ટ્સ અને લોજિસ્ટિક્સ
- કૌશલ્ય વિકાસ
- પ્રવાસન અને સંસ્કૃતિ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- મશીનરી અને ઇક્વિપમેન્ટ
- બ્લૂ ઇકોનૉમી

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પેનલ ચર્ચાઓ
- સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
- B2B / B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ
- ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ટ્રેડ શો/પ્રદર્શન
- રિવર્સ બાયર-સેલર મીટિંગ
- ઉદ્યમી મેળો
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- સમાપન સત્ર

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી

ભવ્ય ઉદ્ઘાટન
માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્ર મોદી**ના
વરદ્હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ભાગીદાર દેશ: Japan, Rwanda, South Korea, Ukraine

લાઇવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

ભાગીદાર સંસ્થાઓ: icbc Indo Canadian Business Chamber, JETRO Japan External Trade Organization, US-India Strategic Partnership Forum, U.S.-India Business Council, The World Bank IBRD • IDA | World Bank Group, ACMA, IACC Indo-American Chamber of Commerce, UIBC, kotra Korea Trade-Investment Promotion Agency, Trade Representation of the Russian Federation, FEBI, AMCHAM India

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

તંત્રી લેખ...-

શનિવાર, તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૬

# અમેરિકા દલા તરવાડીના વેશમાં

લોકતંત્રની પુનઃસ્થાપના, ડ્રગ કાર્ટેલની કમર ભાંગવી અને લેટિન અમેરિકામાં સ્થિરતા લાવવાનો દાવો ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલો કરી રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોને ઊંચકી લેવા માટે કરી રહ્યા છે, પણ આખી દુનિયા જાણે છે ટ્રમ્પનો ઈરાદો શું છે. વેનેઝુએલાના ક્રૂડતેલ ભંડારો પર અમેરિકાની નજર હોવા ઉપરાંત ૨૦૨૬ના અંતમાં યુએસ કોંગ્રેસની ચૂંટણી છે અને મુદ્દાઓ ન હોય, પ્રજા વચ્ચે નેતાની લોકપ્રિયતામાં ઓટ આવી હોય અને કંઈક કરી દેખાડવાની ચાનક હોય, ત્યારે યુદ્ધ જેવો ટૂંકો માર્ગ કોઈ નથી હોતો. એક તીરથી ટ્રમ્પે અનેક નિશાના સાધ્યાં છે, એવા તારણ નિષ્ણાતો કાઢી રહ્યા છે, પણ ખરેખર તો ટેરિફનો બોજ, બદલાતી નીતિઓની અસ્થિરતા અને ફેલાઈ રહેલા અણગમાનો છેદ ઉડાડવાની આ ગણતરીપૂર્વકની ચાલ છે. એ ખરું કે, માદુરો પણ દૂધના ધોયેલા નથી. પણ, લેટિન અમેરિકન દેશોના બળના જોરે સત્તાની ટોચે પહોંચેલા ક્રૂર, આત્મકેન્દ્રી અને રાષ્ટ્રની સંપત્તિને પોતાના પિતાની જાગીર ગણનારા શાસકોની પંગતમાં બેસતા માદુરો સાથે ટ્રમ્પે જે કર્યું એ પણ કોઈ રીતે ન્યાયી, યોગ્ય કે કાયદાના દાયરામાં રહી કરવામાં આવેલી કાર્યવાહી તો નથી જ. પણ, ટ્રમ્પને એની ચિંતા નથી. ચીન અને રશિયા જેવી વિસ્તારવાદી માનસિકતાનો પરચો આપતાં ટ્રમ્પે આડકતરી રીતે કહી દીધું છે કે, વેનેઝુએલા તો સિર્ફ ઝાંકી હૈ... કોલમ્બિયા, ક્યુબા, મેક્સિકો ઔર ગ્રીનલેન્ડ અભી બાકી હૈ. ટ્રમ્પે અમેરિકન મતદારોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે - જે હું કહું છું, કરી દેખાડું છું અને વિશ્વ સમુદાય માટે તો જાણે કે આડકતરી ચીમકી જ છે - મને કોઈની પરવાનગીની કે કાયદાને અનુસરવાની જરૂર નથી. આ પ્રકારના હુમલા માટે પ્રેસિડેન્ટે જે કોંગ્રેસની મંજૂરી લેવી જરૂરી હોય છે, એની ચૂંટણી ૨૦૨૬ના નવેમ્બર મહિનામાં યોજાવાની છે અને એ પહેલાં ટ્રમ્પ આવી નવા-જૂની કરતા રહેશે એ પણ સ્પષ્ટ છે. વિશ્વના ક્રૂડતેલમાંથી ૨૦ ટકા અનામત જથ્થો ધરાવતું વેનેઝુએલા ચીનનાં દેવાંમાં ડૂબેલું છે. ઊર્જા અને માળખાકીય સુવિધાઓ માટે ચીને વેનેઝુએલાને અબજો ડોલર ધીર્યા છે. આથી, ચીન અને ઈરાને માદુરોને મુક્ત કરવાની માગણી કરી છે. દરમિયાન, અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ કહ્યું છે કે, વેનેઝુએલા પર કબજો કરવાનો વિકલ્પ પણ પ્રેસિડેન્ટ ટ્રમ્પ માટે ખુલ્લો છે. ટ્રમ્પ અને રૂબિયોએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ક્યુબા અથવા કોલમ્બિયા હવે પછીનું ટાર્ગેટ હોઈ શકે છે. જગત જમાદાર દલા તરવાડીના રોલમાં આવી જાય તો એને કોણ રોકી શકે? ભારત માટે આ પરિસ્થિતિમાં લાભ છે અને રશિયાની ક્રૂડ આયાત ઘટાડી આયાત બાસ્કેટને વ્યાપક બનાવવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# વાયુપ્રદૂષણ મુદ્દે અદાલતની સક્રિયતા

વાયુ પ્રદૂષણ બાબતે બોમ્બે હાઈકોર્ટે આકરું વલણ લેતાં બૃહદ મુંબઈ મહાનગર પાલિકાના કમિશનર અને મહારાષ્ટ્ર પોલ્યુશન બોર્ડના મેમ્બર સેક્રેટરીની બરાબરની ખબર લીધી હતી. ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખઢની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, અધિકારી તરીકે નહીં, પણ નાગરિક તરીકે પણ પર્યાવરણની સુરક્ષા એ તમારી જવાબદારી છે. પર્યાવરણ હવે નાગરિકોનો મૂળભૂત અધિકાર બની ગયો છે અને એની સાથે હવે જવાબદારી પણ જોડાઈ ગઈ છે. આથી પ્રસ્તાવ લઈને આવો, બેઠકો બોલાવો અને નિર્દેશો લો. દરેક સૂચનની કોર્ટ તથા અન્ય પક્ષો દ્વારા તપાસ થઈ શકે છે. કોર્ટે નીમેલી પેનલે સર્વેક્ષણ કરેલી સાઈટ્સમાંથી ૩૬માં નિયમોનો ભંગ થયાનું મળી આવ્યું હતું. આમાં બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે મેટ્રો-૨બી સાઈટનો પણ સમાવેશ થાય છે. જો કે, અદાલતે એવી ટિપ્પણી પણ કરી કે અમે વિકાસના કામ રોકવા નથી માગતા, પણ કોઈ પણ પ્રકારની બેદરકારી સહન નહીં કરાય. મુંબઈમાં હવાની કથળતી ગુણવત્તા માટે બાંધકામ પ્રવૃત્તિઓ તથા માળખાકીય પ્રોજેક્ટ સંબંધી કામો જવાબદાર હોવાનું જોવા મળે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં આ સમસ્યા વધુ ગંભીર બની છે અને આ દિશામાં કોઈ પગલાં નહીં લેવાય તો મુંબઈ પણ વાયુ પ્રદૂષણના મોરચે નવી દિલ્હીની બરાબરીમાં આવી જશે. અદાલતે પણ આ બાબતમાં ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, એકવાર આ પ્રદૂષણ નિયંત્રણ બહાર થઈ ગયું તો તમારા હાથમાં કશું જ નહીં રહે. દિલ્હીમાં છેલ્લાં ૪૫ વર્ષમાં આપણે આ જ જોયું છે. મુંબઈમાં એર પોલ્યુશનના મુદ્દે હાઈકોર્ટ ગંભીર છે, એ સારી બાબત છે, પણ અન્ય તંત્ર આને હળવાશથી લઈ રહ્યું છે. આથી અદાલતે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને સીધો જ સવાલ કર્યો કે, તમે ઓફિસમાંથી નીકળીને છેલ્લા ક્યારે સરપ્રાઈઝ નિરીક્ષણ માટે ગયા હતા? ગગરાણીએ જવાબ આપ્યો કે, નવેમ્બર મહિનામાં બેવાર આ રીતે નિરીક્ષણ કર્યું હતું. અદાલતે તરત જ કમિશનરનો કાન આમળતાં કહ્યું કે, પેનલ કહે છે કે, નિયમોનું ઉલ્લંઘન થયું છે અને તમે કહી રહ્યા છો કે, નિરીક્ષણ કર્યું છે તો તમારી સ્થિતિ વધુ ગંભીર થઈ જાય છે. અમે કામ રોકવા માગતા નથી, અમે એટલું જ ઇચ્છીએ છીએ કે તમે કાર્યવાહી કરો. બાંધકામ સાઈટ્સ પર મૂળભૂત તકેદારીઓ રખાતી ન હોવાનું પેનલની તપાસમાં સામે આવ્યું છે. મુંબઈમાં પ્રદૂષણની સમસ્યા અને હવાની નબળી ગુણવત્તાનાં કારણો સ્પષ્ટ છે અને એ માટેની ઉપાયયોજના પણ સૂચવવામાં આવી છે, પણ આ તકેદારીઓનું પાલન થાય છે કે નહીં એના નિરીક્ષણમાં ઢીલાશ વર્તવામાં આવી રહ્યાનું સ્પષ્ટ થઈ ગયું છે. હવે અદાલતે એમાં હસ્તક્ષેપ કર્યો છે, એનાથી કંઈક થશે એવું લાગે છે.

લાલુના પક્ષ રાષ્ટ્રીય જનતા દળે લાલુ પરિવાર સામે આરોપો ઘડાયા તેને કાવતરું ગણાવ્યું છે.

# લાલુના મહાભ્રષ્ટ પરિવારને કેમ કશું થતું નથી?

## મોટા ભાગના કિસ્સાઓમાં ગિફ્ટ ડીડ તૈયાર કરીને જમીન લાલુના પરિવારને ભેટમાં અપાઈ હતી

ભારતમાં સૌથી ભ્રષ્ટ રાજકારણી પરિવારોમાંથી એક લાલુપ્રસાદ યાદવના પરિવારનો પગ પાછો કુંડાળામાં પડ્યો છે અને કોર્ટે આખા પરિવાર સામે લેન્ડ ફોર જોબ કેસ'માં આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે.લેન્ડ ફોર જોબ કેસ' વરસોથી ગાજે છે પણ આ દેશમાં ન્યાયતંત્ર રગશિયાં ગાડાની જેમ ચાલે છે એટલે અત્યાર લગી આરોપો જ નહોતા ઘડાયા. સીબીઆઈએ કૌભાંડમાં સંડોવાયેલા ૧૦૩ આરોપીઓ સામે તપાસ કરેલી પણ તેમાંથી પાંચનાં મોત થઈ જતાં બાકીના ૯૮ લોકોની ભૂમિકાનો રિપોર્ટ પણ આપી દીધેલો પણ લાલુના પરિવારે કૌભાંડ સાથે પોતાને કંઈ લેવાદેવા નથી એવો દાવો કરીને અરજી કરી નાંખેલી તેમાં મુદતો પડ્યા કરતી હતી.શુક્રવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અચાનક જ લાલુના પરિવારની અરજી ફગાવીને ૪૬ લોકો સામે આરોપો ઘડવાનું ફરમાન કરી નાંખ્યું જ્યારે ૫૨ લોકોને નિર્દોષ છોડી મૂક્યા. કોર્ટે એવી ટીકા પણ કરી કે, લાલુ યાદવ અને તેમનો પરિવાર કોઈ ક્રિમિનલ ગેંગની જેમ કામ કરી રહ્યા હતા અને લોકોને ખંખેરીને ભ્રષ્ટાચાર કરવા વ્યાપક ષડયંત્ર રચવામાં આવ્યું હતું. લાલુ પ્રસાદ યાદવે પોતાના પરિવાર ( એટલે કે દીકરીઓ, પત્ની અને દીકરાઓ માટે જમીનો સહિતની સ્થાવર મિલકતો હડપ માટે સરકારી નોકરીને સોદાબાજીના હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો તેથી પ્રાથમિક દૃષ્ટિએ જ લાલુ અને તેમના પરિવાર સામે ભ્રષ્ટાચારના પૂરતા પુરાવા છે.કોર્ટે સીબીઆઈ દ્વારા લાલુ યાદવ અને તેમના પરિવાર સામે મુકાયેલા પુરાવા સાચા હોવાનું પણ સ્વીકાર્યું છે તેથી લાલુ યાદવ અને તેમના પરિવારનાં લોકો સહિત કુલ ૪૬ આરોપીઓ વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૩(૨) અને ૧૩(૧)(મ) હેઠળ આરોપો ઘડાયા છે. હવે બધાં સામે ટ્રાયલ ચાલશે અને તેનો નિવેડો ક્યારે આવશે એ ખબર નથી પણ લાલુ પ્રસાદ અને તેમના પરિવારની ભ્રષ્ટ ગાથામાં વધુ એક પ્રકરણ ઉમેરાઈ ગયું છે.

લાલુના પક્ષ રાષ્ટ્રીય જનતા દળે લાલુ પરિવાર સામે આરોપો ઘડાયા તેને કાવતરું ગણાવ્યું છે. આરજેડીનું કહેવું છે કે, મોદી સરકાર સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરીને યાદવ પરિવારને પરેશાન કરી રહી છે, બાકી અમારા મુખિયા તો દૂધે ધોયેલા છે. આ કેસ કોર્ટમાં છે એટલે ઝાઝું કહેવામાં માલ નથી પણ અમે કાનૂની રીતે લડીને કેન્દ્ર સરકારના કારસાનો જવાબ આપીશું.આરજેડીનું રીએક્શન ધાર્યા પ્રમાણેનું છે ને તેમની પાસેથી બીજી અપેક્ષા પણ શું રખાય? લાલુની પાર્ટી થોડી એવું સ્વીકારશે કે લાલુના ખાનદાને ભ્રષ્ટાચાર કર્યો છે અને સીબીઆઈની તપાસ એકદમ સાચી છે? પોતાના મુખિયા ચોર છે એવું કઈ પાર્ટી સ્વીકારે? ના જ સ્વીકારે પણ તેના કારણે લાલુ કે તેમનો પરિવાર દૂધે ધોયેલો સાબિત થતો નથી. આ કેસમાં લાલુના પરિવારે ભ્રષ્ટાચાર કર્યો છે કે નહીં એ કોર્ટ નક્કી કરશે તેથી તેના વિશે અત્યારથી કશું કહેવું કે જજ બની જવું યોગ્ય નથી પણ અત્યાર લગી બહાર આવેલી વિગતો અને લાલુની મેલી મથરાવટી જોતાં લાલુએ ખેલ કર્યો જ હશે એ માનવાને પૂરતાં કારણો છે.લેન્ડ ફોર જોબ સ્કેમ ૨૦૦૪ થી ૨૦૦૯ની વચ્ચે થયેલું કે જ્યારે લાલુ પ્રસાદ યાદવ દેશના રેલવે મંત્રી હતા ને ડો. મનમોહનસિંહની સરકાર હતી. લાલુએ એ વખતે રેલવેની નોકરીઓમાં મોટા પાયે બિહારીઓની ભરતી કરી નાંખેલી. ગામડાંમાં રહેતા ખેડૂતોના દીકરાઓ પાસે લાંચ આપવાના માટે રોકડ નાણાં ના હોય તેથી ખેપાની લાલુએ તેનો જબરો તોડ શોધી કાઢેલો. સુભાષચંદ્ર બોઝે આઝાદીના જંગ વખતે એલાન કરેલું કે, તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હેં આઝાદી દૂંગા. લાલુએ નારો આપેલો કે, તુમ મુઝે જમીન દો, મૈં તુમ્હેં નૌકરી દૂંગા.લાલુના દલાલો ગામડાંમાં જઈને લોકોને કહેતા કે, તમારા પરિવારનાં છોકરાંને રેલવેમાં નોકરી જોઈતી હોય તો પોતાની જમીનો લાલુ પરિવારના નામે કરી દો. આ રીતે સંખ્યાબંધ પરિવારો પાસેથી જમીનો લખાવી લેવાઈ અને તેના બદલામાં પરિવારમાંથી કોઈ ને કોઈને નોકરી આપી દેવાઈ. લાલુ એટલા પાકા કે, તમામ કેસોમાં નોકરી આપતાં પહેલાં જ જમીનો ટ્રાન્સફર કરવામાં આવી હતી કે જેથી કોઈ ફરી ના જાય.

મોટા ભાગના કિસ્સાઓમાં ગિફ્ટ ડીડ તૈયાર કરીને જમીન લાલુના પરિવારને ભેટમાં અપાઈ હતી. જેમણે વેચાણના દસ્તાવેજો કર્યા એ લોકોનું કહેવું હતું કે, લાલુ પરિવાર તરફથી રોકડમાં ચુકવણી કરવામાં આવી હતી. હવે રોકડમાં ચુકવણીના કોઈ દસ્તાવેજી પુરાવા ના હોય તેથી ખેડૂત પરિવારોની વાત સાચી માનીને જમીનો લાલુના પરિવારને આપી દેવાઈ.લાલુની દીકરીઓ મીસા ભારતી અને હેમા યાદવના નામે ટ્રાન્સફર કરાયેલી જમીનો સાવ નજીવી કિમતના ચેક આપીને ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ રીતે નોકરી આપવા માટે કોઈ સરકારી પ્રક્રિયાનું પાલન નહોતું કરાયું અને નોકરી મેળવનારામાંથી ઘણાંને તો પોતાના નામ લખતાં પણ નહોતાં આવડતાં પણ જબ સૈયાં ભયે કોટવાલ ફિર ડર કાહે કા? લાલુ પોતે મંત્રી હતા ને મંત્રાલયના અધિકારીઓ તેમના પાલતુ હતા એટલે આખો ખેલ પાર પડી ગયો. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી વિપક્ષી નેતાઓના ભ્રષ્ટાચારની તપાસ શરૂ થઈ તેમાં આખો ભાંડો ફૂટ્યો પછી સીબીઆઈને તપાસ સોંપાઈ. આ તપાસ લગભગ ૧૦ વર્ષથી ચાલતી હતી ને છેક હવે તેમાં આરોપો ઘડાયા છે.લાલુના પરિવાર સામે આરોપો તો ઘડાઈ ગયા પણ તેમને સજા થવાના ચાન્સ કેટલા છે એ પણ વિચારવા જેવું છે. બિહારના રાજકારણ પર છેલ્લા સાડા ત્રણ દાયકાથી છવાયેલા લાલુપ્રસાદ યાદવ અને તેમનો પરિવાર બેફામ ભ્રષ્ટાચાર માટે વગોવાયેલો છે. લાલુ પ્રસાદ ૧૯૯૦માં બિહારના મુખ્યમંત્રી બન્યા પછી સળંગ ૧૫ વર્ષ લગી બિહારમાં એકહથ્થુ સત્તા ભોગવી હતી. આ એકહથ્થુ સત્તાનો દુરુપયોગ કરીને યાદવ પરિવારે બેફામ ભ્રષ્ટાચાર કરીને અબજો રૂપિયા ઘરભેગા કર્યા છે.લાલુએ મુખ્યમંત્રી બનતાં જ ૧૯૯૦ના દાયકામાં ઘાસચારા કૌભાંડ કરેલું ને અબજો રૂપિયા ઘરભેગા કરી દીધેલા. લાલુ ૧૯૯૦માં પહેલી વાર બિહારના મુખ્યમંત્રી બન્યા કે તરત શરૂ થયેલા ઘાસચારા કૌભાંડની વરસો લગી તો કોઈને ગંધ પણ નહોતી આવી. ૧૯૯૬માં તેમનાં પાપ છાપરે ચડીને પોકાર્યાં પછી તેમણે બિહારની ગાદી છોડવી પડેલી પણ મહાખેલાડી લાલુએ પોતાની સાવ અભણ બૈરી રાબડી દેવીને ગાદી પર બેસાડીને બિહાર પર વર્ચસ્વ જમાવી રાખ્યું. એ પછીનાં વરસોમાં રાજકીય તડજોડ કરીને લાલુ ટકી રહ્યા છે. આ દરમિયાન તેમની સામે કેસો થયા, તેમાં સજા પણ થઈ પણ અબજોના ભ્રષ્ટાચાર બદલ બે-ચાર વર્ષની સજા કંઈ ના કહેવાય.લાલુ લેન્ડ ફોર જોબ સ્કેમ ઘાસચારા કૌભાંડ પછી કરેલું. એક મહાકૌભાંડમાં વગોવાયા પછી પણ લાલુ એવી હિંમત કરી કેમ કે લાલુને ખબર છે કે, આ દેશમાં ભ્રષ્ટાચાર કરનારને કંઈ થતું નથી. ન્યાયતંત્રમાં રૂપિયા ખવડાવીને કેસોને લંબાવી શકાય છે, જામીન મેળવી શકાય છે ને પોતાની રાજકીય દુકાન પણ ચલાવી શકાય છે. લેન્ડ ફોર જોબ સ્કેમમાં પણ એવું જ થવાનું. વરસોના વરસો કેસ ચાલશે ને તેજસ્વી તથા લાલુનાં સંતાનો ઘરડાં થઈ જશે ને એ પછી સજા થાય તો પણ તેનો શો અર્થ?

આપણી લાઇફની આખી ડિઝાઈન જ કંઈક એવી રીતે ગોઠવાઈ ગઈ છે

# પર્યાવરણને વધુ અનુકૂળ એવા કુટુંબજીવન તરફ પાછા ફરીએ

- ગતિવિધિઓને નિયંત્રણમાં નહિ રખાય તો પરિસ્થિતિ બગડતા વાર નહિ લાગે. આ ગતિવિધિઓમાં ઇન્ડસ્ટ્રિયલ પ્રદૂષણની સાથે જવાબદાર છે વાહનોના બળતણ દ્વારા ફેલાતો ધુમાડો.

થોડા ફ્લેશબેકમાં જઈને પાંચેક વર્ષ પહેલાનો સિનારિયો યાદ કરો. કોરોનાને કારણે મોટા ભાગની માનવીય પ્રવૃત્તિઓ બંધ પડી ગયેલી. એ વખતે કેટલાક વન્યજીવો મુંબઈ શહેરની સડકો સુધી પહોંચી ગયેલા. એટલું જ નહિ, પર્યાવરણ એટલું બધું સુધરી ગયું કે ઠેઠ ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાંથી પર્વતરાજ હિમાલયના સ્પષ્ટ દર્શન થવા લાગ્યાપ!

એ પછી કોરોના મહામારી દૂર થઈ. લોકડાઉન ખૂલ્યું અને હિમાલય સહિતની આખી કુદરત જાણે ફરી અદ્રશ્ય થઇ ગઈ.મોરલ ઓફ ધી સ્ટોરી- આ વાતનો બોધપાઠ એ જ કે હવા-પાણીમાં જે કંઈ પ્રદૂષણ છે એની પાછળ માનવીય પ્રવૃત્તિઓ જવાબદાર છે. જો માણસની હાજરી ન હોય તો પ્રકૃતિ આજે પણ અત્યંત સુંદર સ્વરૂપે ઉપલબ્ધ છે.હવે પ્રશ્ન એ છે કે માનવીય પ્રવૃત્તિઓને અટકાવવી કેમ? મોટી મોટી ઈન્ડસ્ટ્રીઝ ન હોય તો પૃથ્વીના ગોળા પર વસતા અબજોની વસતિનું પેટ શી રીતે ભરાય? શહેરીકરણને 'કોન્ક્રિટના જંગલ' કહીને વગોવવાનું આસાન છે, પણ જરા વિચાર કરો કે આજની તારીખે કેટલા મુંબઈગરા સ્વચ્છ આબોહવા પામવા માટે પોતાનું કોન્ક્રીટ જંગલ છોડીને આદિવાસી જીવન અપનાવવા તૈયાર થાય?જવાબ આપણને બધાને ખબર છે. જો કે સાવ આદિવાસી જીવન અપનાવવાને બદલે જો તમે કમ્યુનિટી લિવિંગનો કન્સેપ્ટ અપનાવી શકો તો ય ઘણો ફેર પડી જાય એમ છે.બ્રિટનમાં કાર્યરત 'પોલિસી એક્સચેન્જ' નામક સંસ્થા એક પ્રકારની થિંક ટેન્ક તરીકે કામ કરે છે, જે પ્રજાને સ્પર્શતા નીતિવિષયક મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરીને તારણો કાઢે છે. દાખલા તરીકે, એર પોલ્યુશનને નિયંત્રણમાં કઈ રીતે રાખવું એ દિશામાં સંસ્થાએ ખાસ્સું રિસર્ચ કર્યું છે.પોલિસી એક્સચેન્જ સાથે જોડાયેલા રિચાર્ડ હોવાર્ડે સસ્ટેનેબલ પ્લાનિંગ અને એન્વાયર્નમેન્ટલ પોલિસીઝના વિષય સાથે કાર્ડિફ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સની ડિગ્રી મેળવી છે. કોઈ પણ વિસ્તારની હવામાં રહેલું પ્રદૂષણ એર ક્વોલિટી ઈન્ડેક્સને આધારે જાણી શકાય.આજની તારીખે લંડનનો એક્યુઆઈ દિલ્હી સહિત ભારતનાં અન્ય શહેરો કરતાં ક્યાંય બહેતર છે, છતાં રિચાર્ડ જેવા નિષ્ણાતો માને છે કે અમુક પ્રકારની

ગતિવિધિઓને નિયંત્રણમાં નહિ રખાય તો પરિસ્થિતિ બગડતા વાર નહિ લાગે. આ ગતિવિધિઓમાં ઈન્ડસ્ટ્રિયલ પ્રદૂષણની સાથે જવાબદાર છે વાહનોના બળતણ દ્વારા ફેલાતો ધુમાડો.રિચાર્ડ છેલ્લાં દસેક વર્ષથી વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે લેટેસ્ટ ફ્યુઅલ ટેકનોલોજી પર આધાર રાખવાનું કહી રહ્યા છે, જેમાં પ્રમાણમાં ઓછો ધુમાડો ઓકતાં વાહનો (ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ અને ન્ય સહિત)ની વાત તો આવે જ. પણ એ સિવાયનો જે મુદ્દો છે 'કાર શેરિંગ'. તમે જોશો કે મહાનગરોમાં ઓફિસે જવા લોકો કારનો બહોળો ઉપયોગ કરે છે.

સામાન્ય રીતે, એક કારમાં મોટે ભાગે એકાદ વ્યક્તિ જ મુસાફરી કરે છે. એના બદલે ત્રણ-ચાર વ્યક્તિઓ ભેગા થઈને એક જ વાહન દ્વારા આવાગમન કરવાનું રાખે તો મોટો ફેર પડે. પહેલી નજરે આ વાત જરા અટપટી લાગશે, પણ પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ સામે ઘણા મધ્યમવર્ગીય લોકો તો પહેલેથી જ આ પ્રકારનું વિહિકલ શેરિંગ કરતા આવ્યા છે.

વાત માત્ર વિહિકલ શેરિંગ પૂરતી જ નથી. બલકે ઘણા નિષ્ણાતો તો એવું ય માને છે કે શહેરી નાગરિકોએ બને ત્યાં સુધી મુસાફરી કરવાનું જ ટાળવું જોઈએ. આ માટે તમારે કમ્યુનિટી લાઈફ સ્ટાઈલ અપનાવવી પડે. આજે આપણે બધા સંયુક્ત પરિવારો છોડીને અલગ ફ્લેટમાં રહીએ છીએ. શહેરી પરિવારો લગભગ તૂટી ચૂક્યા છે. એક જ ફ્લેટમાં વસતા લોકો પણ પોતાની પર્સનલ સ્પેસને વધુ પડતું મહત્ત્વ આપતા થયા છે.

આપણી લાઈફની આખી ડિઝાઈન જ કંઈક એવી રીતે ગોઠવાઈ ગઈ છે કે દરેક ચીજ ઉપર આપણે પર્સનલ'નું ટેગ લગાડતા ફરીએ છીએ. બેડરૂમ, વોશરૂમ, ટેલિવિઝન, કોમ્પ્યુટર, એર કંડિશનર, કારપ બધેબધું પર્સનલ! બીજી તરફ દુનિયાભરના ડાહ્યા માણસો હવે આ આખી લાઈફ સ્ટાઈલ રી- ડિઝાઈન કરવાની જરૂરિયાત સ્વીકારતા થયા છે. આ કન્સેપ્ટને નામ મળ્યું છે -કોમ્યુનિટી રીડિઝાઈનિંગ'. અહીં કોઈ એક વ્યક્તિની નહિ પણ આખા સમાજની વાત છે.કોમ્યુનિટી રીડિઝાઈનિંગનો કન્સેપ્ટ મુખ્યત્વે આર્કિટેક્ચર, અર્બન પ્લાનિંગ અને કોમ્યુનિટી ડેવલપમેન્ટના ક્ષેત્રમાં વપરાય છે. આ કન્સેપ્ટનો મુખ્ય હેતુ છે હાલની કોમ્યુનિટીઝ (વસાહતો, વિસ્તારો અથવા શહેરી વિસ્તારો)ને ફરીથી ડિઝાઈન કરવું અથવા રિસ્ટ્રક્ચર કરવું, જેથી તે વધુ ટકાઉ, સર્વસમાવેશી અને સમાજની વાસ્તવિક જરૂરિયાતોને અનુરૂપ બને.આ કન્સેપ્ટ મુજબ શહેરની રચના એવી હોવી જોઈએ કે જેથી મુંબઈ જેવા મહાનગરમાં રહેતા નાગરિકે નોકરી-ધંધા સહિતના હેતુઓસર લાંબી લાંબી મુસાફરી ન કરવી પડે. માણસ જેટલી મુસાફરી કરે એટલી એનર્જી વપરાય, વાહનવ્યવહાર વધે અને અંતે પ્રદૂષણ વધે. કોરોના પછી પ્રચલિત થયેલો 'વર્ક ફ્રોમ હોમ'નો કન્સેપ્ટ આ વિચારધારામાં બરાબર ફીટ બેસે છે.આધુનિક સમયમાં તમામ મહાનગરો આ કન્સેપ્ટ જાણ્યે-અજાણ્યે અપનાવતા થયા છે. જો આ બધું ખરેખર શક્ય બનશે તો ફરીથી આપણાં શહેરો રળિયામણાં બની શકશે. ફરીવાર જો આપણે સંયુક્ત પરિવારોમાં રહેતા થઈએ તો કદાચ 'પર્સનલ સ્પેસ' ન મળે, પણ બીજા ઘણા ફાયદા મળે એમ છે. શહેરી જંગલમાં આજનો માનવી આમેય એકલતા અનુભવે છે. એ સમયે જો ઓછા ખર્ચાળ અને વધુ ઈકોફ્રેન્ડલી ગણાય એવા કુટુંબજીવન તરફ પાછા ફરીએ તો ઘણી સમસ્યાઓ હલ થઈ શકે એમ છે. સવાલ માઈન્ડસેટનો જ છે.

દક્ષિણ-મધ્ય ગુજરાતમાં હવે યોજાશે. અત્યાર સુધી વિદેશી વેપાર-ઉદ્યોગકારોનાં વિમાન ગાંધીનગર-અમદાવાદ એરપોર્ટે અટકી જતાં હતાં.

# અતીતની અટારીએથી ભવિષ્યનું દર્શન

- ગુજરાતને વૈશ્વિક ઓળખ આપવાના આયામ-આયાસના ભાગરૂપે ૨૦૦૩થી અહીં વાયબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન રાજ્ય સરકારે કર્યું.


સૌરાષ્ટ્રમાં બે મોટા ઉત્સવ છે. એક તરફ ૧૦૦૦ વર્ષ પૂર્વે બનેલી એક વિષમ ઘટનાનું અલગ રીતે સ્મરણ છે. બીજી તરફ ભાવિ તરફ મીટ છે, નજર છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટની પ્રાંતીય આવૃત્તિ રવિવારે શરૂ થઈ રહી છે, રાજકોટમાં અને સોમનાથમાં ભવ્ય સ્વાભિમાન ઉત્સવ શરૂ થઈ રહ્યો છે. બંનેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહેવાના છે. બંને ઉત્સવ આમ તો એમની સૂક્ષ્મદૃષ્ટિ અને દૂરંદેશીની નિપજ છે. બે મોટી ઘટનાનું સાક્ષી સૌરાષ્ટ્ર બનવા જઈ રહ્યું છે. વાયબ્રન્ટ




તો સૌરાષ્ટ્રથી સૌ-રાષ્ટ્રનો ઉત્સવ છે. બધાની નજર ત્યાં થનારાં એમઓયુ ઉપર અને પછી તેનાં અમલીકરણ ઉપર છે. ગુજરાતને વૈશ્વિક ઓળખ આપવાના આયામ-આયાસના ભાગરૂપે ૨૦૦૩થી અહીં વાયબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન રાજ્ય સરકારે કર્યું. દેશના અને અન્ય દેશોના પ્રતિનિધિઓ આવ્યા. થોડું રોકાણ પણ આવ્યું. ગુજરાત ક્યાં છે અને ક્યાં પહોંચવાનું છે તેનો ખ્યાલ પણ આવ્યો. આ વર્ષે વાયબ્રન્ટ સમિટને પ્રાંતીય સ્વરૂપ આપી દેવાયું. જેનો બીજો તબક્કો તા. ૧૧ જાન્યુઆરી ને રવિવારે રાજકોટમાં શરૂ થશે, જેમાં કચ્છ ઝોનને પણ સાંકળી લેવામાં આવ્યો છે. વીજીઆરસી તરીકે ઓળખાઇ રહેલી આ સમિટમાં ૧૫૦૦ જેટલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ-એમઓયુ થશે. ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદાર હિસ્સો લેશે તેવું સત્તાવાર રીતે જાહેર કરાયું છે. વાયબ્રન્ટ સમિટ આ રીતે થઈ રહી છે તેનો ફાયદો એ છે કે, ગુજરાતના વિવિધ પ્રાંતમાં વિકાસની, ઉદ્યોગ-વેપારના વિસ્તારની જે શક્યતાઓ પડેલી છે તેનો પરિચય વિશ્વને થશે. ઉત્તર ગુજરાતમાં આ સમિટ યોજાઈ ગઈ, દક્ષિણ-મધ્ય ગુજરાતમાં હવે યોજાશે. અત્યાર સુધી વિદેશી વેપાર-ઉદ્યોગકારોનાં વિમાન ગાંધીનગર-અમદાવાદ એરપોર્ટે અટકી જતાં હતાં. હવે આ બધાં જ કચ્છ-સૌરાષ્ટ્રમાં આવી રહ્યાં છે. ઉદ્યોગકારોને પોતાનું કૌશલ્ય, ક્ષમતા બતાવવાનો અવસર વધારે સારી રીતે મળશે. કુલ પાંચ દિવસ આ વાયબ્રન્ટ સમિટ ચાલવાની છે, જેનું ઉદ્ઘાટન નરેન્દ્રભાઈ કરશે. ૨૦૦૩માં આ પરંપરા શરૂ થઈ ત્યારે તેનો મુખ્ય ધ્વનિ હતો, ગુજરાતને રોકાણનાં અગત્યનાં મથક તરીકે પુનઃ સ્થાપિત કરવું. ૨૦૨૪માં ગેટ વે ટુ ધ ફ્યુચર-ભાવિનું દ્વાર થીમ સાથે યોજાયા બાદ હવે આ વર્ષે આ રિજિયોનલ સમિટ આવી છે. એમઓયુ થશે, અહીં વિદેશી રોકાણકારો આવશે, તેઓ સૌરાષ્ટ્રની સંસ્કૃતિ અને વેપારક્ષેત્રથી પરિચિત થશે તે બધું સાચું પરંતુ લાંબા ગાળે પરિણામ. વાયબ્રન્ટની સાથે જ સોમનાથ સ્વાભિમાન પર્વ યોજાઈ રહ્યું છે. સોમનાથ ઉપર થયેલાં આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આમ તો આ ભૂલી જવા જેવી ઘટના છે, પરંતુ ઉજવણી તો સોમનાથની સખાતે આવેલા વીરોને પુનઃ સ્મરણમાં લાવવા માટે થઈ રહી છે. સોમનાથ ભારતની ધાર્મિક ધરોહર, આધ્યાત્મિક અસ્મિતા, સાંસ્કૃતિક ગરિમાનું પ્રતીક છે. ફક્ત આક્રમણ જ નહીં સોમનાથની સાથે અનેક કથા, સત્યઘટનાઓ જોડાયેલી છે. આ બધાનાં સ્મરણ થકી પણ આખરે મહિમા તો ગુર્જર દેશનો-ગુજરાતનો થશે. બંને અવસર સૌરાષ્ટ્રનાં આંગણે છે, તે પણ અગત્યનું છે. બંને ઉત્સવથી ગુજરાતની પ્રજાને ફાયદો થાય. સ્વાભિમાન ખરેખર જાગે અને લાંબો ગાળો તે ટકે તે પણ અગત્યનું છે. એક તરફ આ અતીતની ઘટનાનું પુનઃ સ્મરણ છે, બીજી તરફ ભાવિ તરફની ગતિ છે. સકારાત્મક રહેવાથી, આક્રમણોનો સામનો કરીને અસ્મિતા સાચવવાથી જ આગળ વધી શકાય, કોઈની ગરિમા ખંડિત કરીને નહીં, તે આ અવસરમાંથી શીખવાની બાબત છે.

# મેં મારું પોતાનું અલગોરિધમ બનાવ્યું છે

## તાપસી પન્નુએ આઉટસાઇડર તરીકે ઇન્ડસ્ટ્રીમાં પોતાની સફરની વાત કરી



તાપસી પન્નુ છેલ્લા ૧૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે, તે ઈન્ડસ્ટ્રીમાં કોઈની ઓળખાણ કે પરિવારના સહકાર વિના ઈન્ડસ્ટ્રીમાં આવી હતી. તેણે આવતાં પહેલાં જ સ્વીકારી લીધું હતું કે તેના માટે કશું સહેલું નહીં હોય. પરંતુ તેને વિશ્વાસ હતો કે તે પોતાના વિચાર સ્પષ્ટ રાખશે અને પોતાનાં નિર્ણય પર દ્રઢ રહેશે તો તે પોતાની કેરિઅરને લાંબા ગાળે એક વારસો બનાવી શકશે.

તેણે આ વર્ષોમાં લોકપ્રિય અને વિચારપ્રેરક દેરક પ્રકારની ફિલ્મ કરી છે. તેણે પિંક, ધ ગાઝી એટેક, મુલ્ક, મનમર્ઝિયાં, મિશન મંગલ, સાંડ કી આંખ, હસીન દિલરુબા અને ડંકી જેવી ફિલ્મ કરી છે. ત્યારે ઈન્ડસ્ટ્રી બહારથી આવીને સફળતા મેળવવા પર તાપસીએ કહ્યું, “મને ખબર હતી કે કશું જ સહેલું નહીં હોય.”

તાપસી કહે છે, “પંરતુ કોઈએ ક્યારેય ન કર્યું હોય એવું કશુંક જોઈતું હોય, તો તમારે એવું કશુંક કરવું જોઈએ જે, કોઈએ ક્યારેય ન કર્યું હોય. મારે એ યાદ રાખવું પડશે કે હું જે કામ કરું છું તે મારી આવનારી પેઢીઓ માટે છે, તેથી જીવનના દરેક તબક્કે મારે એને સ્વીકારવું પડશે. હું અહીં કોઈ બીજાની નકલ કરવા નથી આવી. નહીંતર મારું ખું જીવન કોઈની નકલ બની જશે. દરેકની પોતાની અલગ હાજરી અને પોતાનો અલગ અવાજ છે, એમાં મારે મારી ઓળખ અને મારો અવાજ શોધવો પડશે, તો જ હું એક લાંબા ગાળાની અસર છોડી શકીશ.”

તેણે જે રીતે ફિલ્મો સ્વીકારી તે અંગે વાત કરતા તાપસી કહે છે, “પહેલાં તો મેં સાઉથમાં મારી કેરિઅરની શરૂઆતમાં લોકપ્રિય વિષયની ફિલ્મો જ કરી હતી પરંતુ પછી મને સમજાયું કે આ મારો રસ્તો નથી. તેના માટે મારે કેટલીક નિષ્ફળતાઓ અને નિરાશાઓનો પણ સામનો કરવો પડ્યો છે. મને સમજાયું કે જે ફિલ્મ વધુ લોકોને સ્પર્ષી શકે અને દર્શકો જેને સ્વીકારી શકે, એવી ફિલ્મમાં મારું મન અને શરીર બિલકુલ એકસુર થઈને કામ કરે છે. તેથી હવે હું મારા અંતરાત્માનો અવાજ જ સાંભળું છું. જે ફિલ્મમાં માત્ર બેંક અકાઉન્ટમાં એન્ટ્રી થતી હોય એવી ફિલ્મ હું સ્વીકારતી નથી, હું એવી જ ફિલ્મ કરું છું જે મારી સર્જનાત્મક ક્ષમતાઓને કારણે મારા માટે એક નવી કેડી કંડારે, જેના પર બહુ ઓછા લોકો ચાલ્યા હોય. એવા ઘણા રોલ અને ફિલ્મો હતી, જે મને સરળતાથી મળી જતી હતી અને મને કહેવાતું હતું કે ટોપ પર પહોંચવા માટે મારે આ જ ફિલ્મો કરવી જોઈએ, પણ એમાંથી એક પણ ફિલ્મ ચાલી નહોતી.

પરંતુ એ બધા વિકલ્પોથી ઉલટા ચાલીને મેં કેટલીક ચોક્કસ ફિલ્મ સ્વીકારી, જે એ લિસ્ટર હિરોઈન નહોતી સ્વીકારતી. મને એવું સમજાતું હતું કે આ ફિલ્મોથી દર્શકોને અસર થશે અને તેમને આ ફિલ્મ સ્પર્ષી જશે. જ્યારે એ ફિલ્મો ચાલે છે, ત્યારે મને સમજાયું કે અંતરાત્માનો અવાજ સાંભળીને જ ફિલ્મ સ્વીકારવી જોઈએ. મેં મારું પોતાનું અલગોરીધમ બનાવ્યું છે.”

# ગેંગસ્ટર, ગન અને ગુનાઓનો કિંગ બન્યો યશ, બર્થ-ડે પર ફેન્સને આપી શાનદાર રિટર્ન ગિફ્ટ

### KGF પછી યશનો "ટોક્સિક" અવતાર સ્વેગથી ભરપૂર છે "ટોક્સિક" ટીઝર કહાની નથી કહેતું પરંતુ કન્ફ્યુઝન પેદા કરે છે.

રોકિંગ સ્ટાર યશે KGF rફલ્મોથી દર્શકોને ધમાકેદાર મનોરંજન પૂરું પાડ્યા પછી તેની આગામી ફિલ્મ "ટોક્સિક" ની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. તાજેતરમાં, ફિલ્મની પાંચેય અભિનેત્રીઓના ફર્સ્ટ લુક જાહેર કરવામાં આવ્યા હતા, જેનાથી ચાહકો ઉત્સાહિત થયા હતા અને તેઓ મૂંઝવણમાં પણ હતા - "ફિલ્મમાં શું ચાલી રહ્યું છે?" હવે, યશના જન્મદિવસ પર, "ટોક્સિક"ના ટીઝરમાં તેમનો વિસ્ફોટક ફર્સ્ટ લુક આવ્યો છે. તેને જોયા પછી ચાહકોનો ઉત્સાહ અને મૂંઝવણ વધશે.

યશે સોશિયલ મીડિયા પર ટીઝર શેર કર્યું છે, જેમાં તેના પાત્રનું નામ રાયા છે. ટીઝર વિડીયો જોયા પછી, તમને ખાતરી થશે કે રાયા એ "ઝેરી" શબ્દની વ્યાખ્યા



છે. અઢી મિનિટના આ ટીઝરમાં અંતિમ સંસ્કાર, બોમ્બ વિસ્ફોટ, અદભુત ભયાનક બંદૂક હિંસા, સેક્સ સીન અને બિલ્ડ અપ બધું જ છે.

વાત એવી છે કે એક વિદેશી માફિયા બોસ તેના પુત્રને દફનાવવા માટે કબ્રસ્તાનમાં આવ્યો છે. તે તેના ગુનેગારોને ફક્ત એક જ વાત કહે છે: "હું ઈચ્છું છું કે મારા પુત્રનો અંતિમ સંસ્કાર શાંતિપૂર્ણ રીતે થાય. શું તમને લાગે છે કે તે આવશે?" જવાબ છે, "કોઈ પાગલ જ આવશે!" માફિયાના સવાલમાં તે કોણે છે? તે હવે ખબર પડશે.

એક વૃદ્ધ ડ્રાઈવર એક ફેન્સી કારમાં આવે છે. તેને જોઈને, કોઈ પણ આગળ શું થશે તેની આગાહી કરી શકતું નથી. અને આગળ શું થશે તે ખરેખર એક વિચિત્ર સિનેમેટિક વિચાર છે. પરંતુ યશ જેવો શક્તિશાળી સુપરસ્ટાર જ આ દ્રશ્યનો સ્વેગ પોતાના મજબૂત ખભા પર ઉપાડી શકે છે.

"ટોક્સિક" ફિલ્મનું ટીઝર મૂળરૂપે યશના ચાહકો માટે જન્મદિવસની ભેટ છે. તે યશના ઓનસ્ક્રીન કરિશ્માની ઉજવણી કરે છે. જોકે, દિગ્દર્શક ગીતુ મોહનદાસે આ ટીઝરમાં વાર્તા વિશે કોઈ સંકેત આપ્યા નથી. અત્યાર સુધી, "ટોક્સિક" ફિલ્મ માટે પાંચ અગ્રણી અભિનેત્રીઓના ફર્સ્ટ-લૂક પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યા છે. આ પોસ્ટરો દાયકાઓ પહેલા સેટ કરેલી વાર્તા સૂચવે છે.

યશનો ફર્સ્ટ લૂક પુષ્ટિ કરે છે કે ફિલ્મમાં ગેંગસ્ટરિઝમ દર્શાવવામાં આવશે. જો કે, આ ટીઝર પરથી વાર્તાનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. કારણ કે ફિલ્મમાં ક્યાંક મોટો વળાંક છુપાયેલો છે. ઓછામાં ઓછું ટ્રેલરની આતુરતાથી રાહ જોવામાં આવશે કે ભારતીય સિનેમાની સૌથી શક્તિશાળી મહિલા અવાજોમાંની એક ગીતુ મોહનદાસ "ટોક્સિક"માં યશ સાથે શું કરશે. "ટોક્સિક" ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ ઈદના અવસર પર રિલીઝ થઈ રહી છે.

# યશની ટોક્સિકનું ટીઝર લોંચઃ ડેડી ઇઝ હોમ

### ગેંગસ્ટરના જીવન પર આધારીત ફિલ્મનો ફર્સ્ટ લૂક તેના જન્મ દિવસે લોંચ થયો હતો

લાંબા સમયથી યશની ટોક્સિકની ચર્ચા છે અને તેની એક્ટ્રેસીસ અને યશના લૂક એક પછી એક લોંચ થઈ રહ્યાં છે, તેથી ફિલ્મ અંગેનો ઉત્સાહ દિવસેને દિવસે વધી રહ્યો છે. હવે તેનું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે અને યશના ફેન્સને તેની ક્રુર અંધારી આલમની ઝલક જોવા મળી છે. તેની કારની અંદરની ક્ષણો કે પછી સિગાર ફુંકતા તેના સીન અને એક ગન ખભ્ભા પર અદાથી લઈને તેને ચાલતો દર્શાવીને તેની અંધારી, હિંસક દુનિયાનો પરિચય આપીને જાહેર કરાયું છે, ‘ડેડી ઈઝ હોમ’.


ગુરુવારે આ ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે, તેનાથી ગીતુ મોહનદાસે ડિરેક્ટ કરેલી એ ફિલ્મમાં યશના પાત્રની પહેલી ઝલક મળે છે. મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. તેની કેપ્શનમાં લખાયું હતું, ‘તમારા જોખમે સારો લૂક મેળવો – રાયા આવે છે..’

વીડિયોની શરૂઆત એક અંતિમક્રિયાના દૃશ્ય સાથે થાય છે, તેના પછી એક પરિવાર ઉતાવળમાં સ્મશાનમાંથી ભાગતો દેખાય છે, ત્યાં આ સ્થળ પર એક ગાડી આવી પહોંચે છે. તેની અંદર યશ કોઈની સાથે અંગત પળો માણતો દેખાય છે. તે બહાર ઉતરે છે અને જાહેર થાય છે કે તે રાયા છે, ખુલ્લા શરીરે બહાર આવે છે અને પછી કાળો ઓવરકોટ ચડાવે છે. સિગારનાં ધુમાડામાંથી તેનો ચહેરો બહાર આવતો દેખાય છે. તે પછી તે ગનથી ફાયરિંગ શરૂ કરી દે છે અને અંતિમ વિધિ કરતા પરિવારને નિશાન બનાવે છે. પછી યશ કહેતો દેખાય છે, ‘ડેડી ઈઝ હોમ’.

લોકોએ આ ફિલ્મના ટીઝરને હોલિવૂડ ફિલ્મ સાથે સરખાવ્યું છે, ગીતુ અને યશે સાથે મળીને આ ફિલ્મ લખી છે. આ ફિલ્મમાં યશ સાથે નયનતારા, કિઆરા અડવાણી, તારા સુતરિયા, હુમા કુરેશી, અક્ષય ઓબેરોય અને સુદેવ નાયર, રુકમિણી વસંત પણ છે. આ ફિલ્મ ધુરંધર ૨ સાથે બોક્સ ઓફિસ પર ટક્કર લેશે, ફિલ્મ ૧૯ માર્ચે રિલીઝ થઈ રહી છે.

# ભારત સામે સિરીઝ ડ્રો કરવી તે ઇંગ્લેન્ડની નિષ્ફળતા હતીઃ કૂક

### શુભમન ગિલની નવીસવી ટીમ સામે ડ્રો કરનારી ટીમની એશિઝમાં કસોટી થઈ ગઈઃ કૂક



ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન એલિસ્ટર કૂક વર્તમાન અંગ્રેજ ટીમથી નારાજ છે અને તેમનું કહેવું છે કે શુભમન ગિલની ઓછી અનુભવી અને નવીસવી ટીમ સામે પાંચ ટેસ્ટની સિરીઝ ૨-૨થી ડ્રો કરીને બેન સ્ટોક્સના ખેલાડીઓ ગર્વ અનુભવતા હતા પરંતુ ખરેખર તો કોઈ મહાન બાબત ન હતી. આ સિરીઝ નહી જીતવાને કારણે ઈંગ્લેન્ડની ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયા સામે પછડાટ ખાઈ રહી છે તેમ કૂકનું માનવું છે.

એશિઝ સિરીઝમાં ચોથી ટેસ્ટના વિજય અગાઉ ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ ત્રણ ટેસ્ટમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો અને માત્ર ૧૧ દિવસની રમતમાં જ તેઓ ત્રણ ટેસ્ટ અને સાથે સાથે એશિઝ ગુમાવી ચૂક્યા હતા.

આ વર્ષના મધ્યમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની સિરીઝ રમાઈ હતી જેમાં એક ડ્રોને બાદ કરતાં બંને ટીમ બે બે ટેસ્ટ જીતી હતી. પહેલી વાર કપ્તાની કરી રહેલા શુભમન ગિલ માટે આ ગૌરવપ્રદ ક્ષણ હતી પરંતુ ઈંગ્લેન્ડની દૃષ્ટિએ જોઈએ તો તેમના માટે આ નિષ્ફળતા હતી કેમ કે તેમણે એશિઝની તૈયારીરૂપે રમાયેલી સિરીઝ જીતવાની જરૂર હતી તેમ એલિસ્ટર કૂકનું માનવું છે. શુભમન ગિલે એ સિરીઝમાં શાનદાર ફોર્મ દાખવીને ચાર સદી સાથે ૭૫૪ રન ફટકાર્યા હતા. તેમાં એક બેવડી સદી પણ સામેલ હતી.

એલિસ્ટર કૂકે જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડની ટીમનું વર્તમાન પ્રદર્શન ખામીયુક્ત છે. આ દેખાવથી તેની પ્રગતિ પર બ્રેક વાગી ગઈ છે. તેમણે સારી શરૂઆત કરી હતી. રોબર્ટ કી, મેક્કુલમ અને બેન સ્ટોક્સે મજબૂત પ્રારંભ કર્યો હતો. મેક્કુલમના કોચિંગમાં ઈંગ્લેન્ડે પ્રથમ દસમાંથી આઠ ટેસ્ટ જીતી હતી અને પહેલું વર્ષ બરાબર રહ્યું હતું પરંતુ ત્યાર બાદ તેમની અધોગતિ થઈ છે અને હજી પણ ટીમનું કંગાળ પ્રદર્શન અને પતન જારી છે.

હું રોબર્ટ કીને પસંદ કરું છું, મેક્કુલમને પસંદ કરું છું. તેમની સ્ટાઈલ અને તેઓ જે વિચારે છે તે પણ યોગ્ય છે પરંતુ એમ લાગે છે કે ભારત સામે રમતી વખતે તેમણે ઓસ્ટ્રેલિયા અને એશિઝની તૈયારીને નજરઅંદાજ કરી હતી અને હાલમાં તેઓ પરિણામ ભોગવી રહ્યા છે, બાકી શુભમન ગિલની ટીમ એવી જોરદાર ન હતી કે તેમની સામે સિરીઝ જીતી શકાય નહી. એ સિરીઝ ડ્રો કરવી તે ભારતની સફળતા કરતાં ઈંગ્લેન્ડની નિષ્ફળતા તરીકે હું જોઈ રહ્યો છું તેમ કૂકે ઉમેર્યું હતું.

# સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્કલેવ યોજાઇ

### કેન્દ્રના રમત પ્રધાન માંડવીયા અને નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી , પીટી ઉષાએ ખાસ હાજરી આપી

શબેરના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કેન્દ્રીય રમત ગમત પ્રધાન મનસુખ માંડવીયા અને ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન તથા રમત પ્રધાન હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ગવર્નન્સ કોંકલેવ યોજાઈ હતી. જેમાં ગુજરાતમાં વિકસી રહેલા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે સમીક્ષા થઈ હતી. આ વિકાસની પ્રશંસા કરતા મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ હવે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ સિટી પ્લાનિંગનું જ એક અભિન્ન અંગ બની ગયું છે. સરકારનું મુખ્ય લક્ષ્ય ૨૦૩૬ના ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને એવી આંતરરાષ્ટ્રીય સ્તરના માળખાકીય સુવિધાઓ તૈયાર કરવાનું છે, જે ભવિષ્યની મોટી વૈશ્વિક ઈવેન્ટ્સ માટે પાયાનું કામ કરે. ૨૦૧૪ પછી દેશમાં ‘ખેલો ઈન્ડિયા’ અને ‘ફિટ ઈન્ડિયા’ જેવા અભિયાનો દ્વારા જે સ્પોર્ટ્સ કલ્ચર વિકસ્યું છે, તે હવે ‘ખેલો ભારત’ નીતિ અને ૨૦૩૬ ઓલિમ્પિક્સના મક્કમ સંકલ્પ તરફ આગળ વધી રહ્યું છે.



તેમણે ઉમેર્યું હતું કે, ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે ‘એથ્લેટ સેન્ટ્રિક’ બની રહ્યો છે. વર્ષોથી પડતર રહેલા ‘સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ’ દ્વારા ફેડરેશનોમાં પારદર્શિતા લાવવામાં આવશે જેથી ખેલાડીઓના હિતોને સર્વોપરી રાખી શકાય. આગામી દસ વર્ષ માટે ખાસ ‘મેડલ સ્ટ્રેટેજી’ તૈયાર કરવામાં આવી છે, જેનો અંતિમ ઉદ્દેશ્ય વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને દુનિયાના ટોચના પાંચ સ્પોર્ટ્સ રાષ્ટ્રોમાં સામેલ કરવાનો છે.

આ પ્રસંગે હર્ષ સંઘવીએ ગુજરાતમાં આવેલી રમતગમતની ક્રાંતિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભને કારણે રાજ્યના ખેલાડીઓની માનસિકતા બદલાઈ છે અને આ વર્ષે ૭૩ લાખ ખેલાડીની વિક્રમી સહભાગીદારી નોંધાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં માત્ર ૨૦ મહિનામાં તૈયાર થયેલી વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તેની ઝડપી કામગીરી અને આધુનિક સુવિધાઓનું ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાત સરકારની યોજનાઓ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે હવે છેવાડાના ગામડાના બાળકો પણ ઓલિમ્પિકમાં જવાનું સપનું જોઈ રહ્યા છે. ભારત વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિકમાં ટોચના દસ દેશોમાં સ્થાન મેળવવા માટે ‘પૂલ થી પોડિયમ’ રણનીતિ પર કામ કરી રહ્યું છે. આ કાર્યક્રમમાં ઓલિમ્પિક એસોસિએશનના પ્રેસિડેન્ટ પી.ટી. ઉષા, વાઈસ પ્રેસિડેન્ટ અજય પટેલ, સ્પોર્ટ્સ સેક્રેટરી રવિ રંજન, ગુજરાતના સ્પોર્ટ્સ સેક્રેટરી રાહુલ ગુપ્તા સહિત વિવિધ સ્પોર્ટ્સ ફેડરેશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિંધૂનો સેમિફાઈનલમાં પ્રવેશ, સાત્વિક-ચિરાગ આઉટ

### મલેશિયન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ સાથે પીવી સિંધૂ ફોર્મમાં

ભારતની સ્ટાર ખેલાડી અને બે વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા પીવી સિંધૂએ તેનું ફોર્મ પરત મેળવતા શુક્રવારે અહી યોજાયેલી મલેશિયન ઓપન સુપર ૧૦૦૦ બેડમિન્ટ ટુર્નામિન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. તેનો મુકાબલો જાપાનની અકાને યામાગુચી સામે હતો પરંતુ જાપાની ખેલાડી ઈજાને કારણે મેચમાંથી ખસી ગઈ હતી અને તેને કારણે સિંધૂએ આગેકૂચ કરી હતી. જોકે ભારત માટે આ દિવસ મિશ્ર સફળતા લાવનારો રહ્યો હતો કેમ કે સાત્વિક સાઈરાન્કી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની સફળ જોડી આ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં હારી જતાં આઉટ થઈ ગઈ હતી.

ક્વાર્ટર ફાઇનલમાં સિંધૂનો મુકાબલો ત્રીજા ક્રમની યામાગૂચી સામે હતો અને તેમાં તેણે પ્રથમ સેટ ૨૧-૧૧થી જીતી લીધો હતો પરંતુ ત્રણ વખતની વર્લ્ડ ચેમ્પિયન જાપાની ખેલાડી યામાગૂચીએ આ તબક્કેથી મેચમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. તે પગની ઈજાની સમસ્યાથી પરેશાન હતી અને મેચમાં ઢીંચણ પર કેપ પહેરીને આવી હતી. આ વિજય સાથે વિશ્વમાં ૧૮મો ક્રમાંક ધરાવતી પીવી સિંધૂએ યામાગૂચી સામેનો તેનો રેકોર્ડ થોડો બહેતર બનાવ્યો હતો. તે હવે યામાગૂચી સામે ૧૫-૧૨નો રેકોર્ડ ધરાવે છે.


સિંધૂ ઈજાને કારણે લાંબા સમયથી બહાર હતી અને લાંબા સમયે પુનરાગમન કરી રહી છે ત્યારે સેમિફાઇનલ પ્રવેશ પણ તેના માટે સિદ્ધિ લેખાશે. સેમિફાઇનલમાં તેનો મુકાબલો ચીનની વાંગ ઝિયાયી સામે થશે. વાંગે અન્ય ક્વાર્ટર ફાઇનલમાં ઈન્ડોનેશિયાની પુતરી કુસુમા વરદાની સામે ૨૧-૧૭, ૨૧-૧૮થી વિજય હાંસલ કર્યો હતો. સિંધૂની સફળતા બાદ ભારત માટે નિરાશાજનક સમાચાર એ હતા કે ભારતની બે વખતની વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા સાત્વિક સાઈરાન્કી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં ઈન્ડોનેશિયાના ફજર અલફૈન અને મુહમ્મદ ફિકરીની જોડી સામે ૧૦-૨૧, ૨૧-૨૩થી



હારી ગઈ હતી.

ઈન્ડોનેશિયન જોડીની સરખામણી ભારતીય જોડી વધુ સારો ક્રમાંક ધરાવતી હતી. ત્રીજા ક્રમની ભારતીય જોડી અને તાજેતરમાં હોંગકોંગ અને ચાઈના ઓપનની ફાઈનલિસ્ટ જોડી પ્રથમ ગેમમાં તેમના હરીફને શરણે થઈ ગઈ હતી.

# અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સમાં ભારત સૌથી વધુ મેડલ જીતશેઃ ઉષા



૨૦૩૦માં અમદાવાદ ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં ભારત સૌથી વધુ મેડલ જીતશે અને આ ઈવેન્ટમાં અત્યાર સુધીના તમામ પ્રદર્શનને પાછળ રાખી દેતી રમત દાખવશે તેવો આત્મવિશ્વાસ ભારતની મહાન એથ્લેટ અને ઈન્ડિયન ઓલિમ્પિક (આઈઓએ)ના પ્રમુખ પીટી ઉષાએ વ્યક્ત કર્યો હતો. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનની વાર્ષિક સાધારણ સભા માટે ઉષા તથા ભારતની તમામ રમતોના ફેડરેશનના અધિકારીઓ શહેરમાં આવ્યા હતા.

શુક્રવારે પત્રકારો સાથે ચર્ચા કરતાં ઉષાએ જણાવ્યું હતું કે અમે માત્ર કોમનવેલ્થ ગેમ્સ જ નહીં પરંતુ ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સ ભારતને ફાળવવામાં આવે તે માટે પણ સજ્જ છીએ અને આ બંને મેગા ઈવેન્ટને સફળતાપૂર્વક યોજવા માટે અમે સમર્થ છીએ. આ ઉપરાંત આ બંને ગેમ્સમાં માત્ર આયોજન નહીં પરંતુ મેદાન પર પણ ભારત ઘણી સફળતા હાંસલ કરશે તેવો મને ભરોસો છે.

આ સાથે ઈન્ડિયન ઓલિમ્પિક્સ એસોસિયેશને ઘણા નવા પગલા ભર્યા છે. હવે એસોસિયેશનનું ફોકસ માત્ર ખેલાડીઓ પર જ રહેશે તેમ કહીને ઉષાએ ઉમેર્યું હતું કે સંચાલનની જવાબદારી તો છે જ પરંતુ સાથે સાથે અમારે ખેલાડીઓને પણ એવી રીતે સજ્જ કરવાના છે જેનાથી રમતોમાં પણ ભારતની સફળતા ખીલી ઉઠે. આ માટે પણ અમે વિવિધ યોજનાઓ ઘડી કાઢી છે અને તેમાંથી કેટલીક યોજનાનું અમલીકરણ પણ શરૂ થઈ ગયું છે.




ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આજે અડાજણ રિવરફ્રન્ટ પાસે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અલગ અલગ દેશોમાંથી પતંગબાજો જોડાયા હતા. વિવિધ કદ અને આકારના પતંગો ઉડાવીને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. (તસવીર : હનીફ મલેક)

# પર્વત પાટિયામાં ડ્રગ્સના ઉત્પાદન કેસમાં ઈશા અણઘણની પુછપરછ

## એસઓજી પોલીસ દ્વારા ડ્રગ્સ બનાવતી લેબોરેટરીની ઊંડી તપાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

પરવત પાટીયા વિસ્તારમાંથી એમડી ડ્રગ્સ બનાવવાની લેબોરેટરી પર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની કાર્યવાહી બાદ આ સમગ્ર મામલાની ઉંડાણ પુર્વક તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન બેંક ટ્રાન્જેકશનના મળી આવેલા સ્ક્રીનશોટ સહિત વિવિધ પાસાઓની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. આ પ્રકરણમાં ઈશા અણઘણની આજે એસઓજી પોલીસ ઈન્સ્પેક્ટર ટી.બી.પંડ્યા દ્વારા પુછપરછ કરવામાં આવી હતી.

ડીક્રીયા ફુડ એન્ડ ફાર્મા એનાલેટીકલ લેબમાંથી મળી આવેલા એમડી ડ્રગ્સના તાર લંડન સુધી જોડાયેલા હોય પકડાયેલા આરોપી બ્રિજેશ વ્રજલાલ ભાલોડીયા, પેડલર ખુશાલ રાણપરીયા, ભરત દામજી લાઠીયા અને જનક જાગાણી વચ્ચે થયેલા ટ્રાન્જેકશનો સહિત અલગ-અલગ પાસાઓ પોલીસ દ્વારા ખંગાળવામાં આવી રહ્યા છે. સ્પેશ્યલ ઓપરેશ ગ્રુપના પીઆઈ ટી.બી.પંડ્યા દ્વારા આ પ્રકરણનું ફર્ધર ઈન્વેસ્ટીગેશન કરી રહયા છે. દરમિયાન આજે ઈશા અણઘણને પુછપરછ માટે બોલાવવામાં આવી હતી. મુખ્ય આરોપી જનક જાગાણી જે હાલ લંડનમાં છે તેની સામે પણ લુક આઉટ નોટીસ જારી કરી દેવામાં આવી છે.

# શુભમ માર્ટનો કર્મચારી બે દિવસના વકરાના રોકડા રૂપિયા તફડાવી ગયો

## નાયબ મેનેજર વિવેક માનાપુર રૂા.૩.૫૧ લાખ ચોરી જતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સિંગણપોર કોઝવે લિંક રોડ પર આવેલા શુભમ માર્ટમાં કામ કરતો આસિસ્ટન્ટ મેનેજર શુભમ માર્ટના સેફ તેમજ બેકીંગમાં નાણા જમા નહીં કરાવી ગઈ તા.૨૧ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બરના રોજ માર્ટમાંથી કુલ રૂ.૩.૫૧ લાખની ચોરી કરી ગયો હોવાની ફરીયાદ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં મેનેજર દ્વારા નોંધાવવામાં આવી છે.

સિંગણપોર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાના પવની તાલુકાના વતની વિવેક રાજારામ માનાપુરે ઉ.વ.૩૭ સિંગણપોર યુનિક સ્ક્વેર સર્કલ પાસે શુભમ કે માર્ટમાં સ્ટોસી મેનેજર તરીકે નોકરી કરે છે. દરમિયાન શુભમ માર્ટમાં દર બુધવારે ચીજ-વસ્તુઓના વેચાણ બાબતે આવેલી રોકડ રકમનું કાઉન્ટીંગ કરવામાં આવે છે. સેફમાં મુકાતી રકમ તેમજ બેંકીગ સીસ્ટમમાં જમા કરવાની રકમ બાબતે હેડ કેશીયર પણ રાખવામાં આવ્યો છે. દરમિયાન ગઈ તા.૨૧ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બરના સમયગાળામાં મુળ જુનાગઢના વતની અને હાલ કતારગામ લલિતા ચોકડી પાસે અક્ષર પેલેસમાં રહેતો દિવ્યેશ ધરમણભાઈ હેરભા આસિસ્ટન્ટ સ્ટોર મેનેજર તરીકે નોકરી કરે છે. દરમિયાન તબિયત ખરાબ હોવાનું બહાનું કાઢી દિવ્યેશ હેરભા શુભમ માર્ટ પર આવ્યો ન હતો. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે દિવ્યેશ શુભમ માર્ટના સેફ માંથી ૧ લાખ તેમજ બેંકના મળી કુલ રૂ.૩.૫૧ લાખની ચોરી કરી ગયો હતો. આ મામલે ગઈકાલે વિવેક માનાપુરે દ્વારા સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે.

# કુટણખાનાના કેસમાં આરોપીને નિર્દોષ છોડી દેવા કોર્ટનો આદેશ

## કોર્ટમાં ફરિયાદ પક્ષ શંકાના આધારે ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ધી ઈમોરલ ટ્રાફિક એક્ટના ભંગ બદલ નોંધાયેલ કેસમાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ જતા આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. બચાવ પક્ષે એડવોકેટ રાજેશ દારૂવાલાએ દલીલો કરી હતી.

આ કેસની ફરિયાદ એવી છે કે અઠવા પોલીસે ગોપીપુરા ખાતે આવેલા એક એપાર્ટમેન્ટમાં રેડ કરી હતી. આ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં કુટણખાનું ચાલતું હોવાનું સામે આવ્યું હતું. પોલીસની તપાસમાં કુટણખાનું ગુલશનબેન નામની મહિલા ચલાવતી હતી. જ્યારે પોલીસે આનંદ ભામરે નામના ગ્રાહકને પણ પકડી પાડ્યો હતો. અઠવા પોલીસે આ બને આરોપીઓ વિરુદ્ધ ધી ઈમોરલ ટ્રાફિક એક્ટના ભંગ બદલ ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. ટ્રાયલ દરમિયાન ગુલશનબેનનું અવસાન થયું હતું. જેથી તેની સામેનો કેસ એબેટ કરી દેવામાં આવ્યો હતો. જ્યારે આનદ સામેની ટ્રાયલ ચાલી હતી. ફરિયાદ પક્ષ આ કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. કોર્ટે આનંદ ભામરેને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આરોપીના એડવોકેટ રાજેશ દારૂવાલાની દલીલો કોર્ટે ધ્યાને લીધી હતી.

# શિયાળાની સિઝનમાં પહેલીવાર પારો ૧૪.૬ ડિગ્રી : સુરતમાં ઠંડીના ચમકારા

## આઠ કિમીની ઝડપે ઠંડા પવન ફુંકાતા સુરતના લોકો ઠુંઠવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

શિયાળાની આ સીઝનમાં પહેલી વાર સુરત શહેરનું તાપમાન ૧૪.૬ સેલ્સિયસ ડિગ્રી પર પહોંચી જતા શહેરી જનો શુક્રવારની રાત્રિ થી વહેલી સવાર સુધી ઠંડી થી ઠુઠવાયા હતા. ગઈકાલે સાંજ પડતા જ ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૮ કિમી ની ઝડપે પવન ફુંકાવા સાથે મહત્તમ તાપમાનમાં એક ડીગ્રીનો ઘટાડો થવા સાથે ઠંડી ની અસર વધી હતી. આજે વહેલી સવારે પણ લઘુત્તમ તાપમાનનો પારો ૧ ડિગ્રી ગગડી ને ૧૪.૬ સેલ્સિયસ ડિગ્રી પહોચતા ઠંડી ની અસર વધુ રહી હતી. વહેલી સવારે નોકરી ધંધે જતા લોકો , સ્કૂલ કોલેજ જતા નાના ભૂલકાઓ સહિતના વિદ્યાર્થીઓ જેકેટ સ્વેટરમાં નજરે પડ્યા હતા.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સાવ શહેરનું લઘુત્તમ તાપમાન એક ડિગ્રી નીચું જતા જ ઠંડી ની અસર વર્તાઈ હતી. ઉત્તર દિશામાંથી સવારના સમયે કલાક ના ૬ કિમીની ઝડપે પવન ફુંકાયા હતા. શિયાળાની ઋતુ ચાલી રહી છે ત્યારે ચાલુ સીઝનમાં આજે સૌથી નીચું તાપમાન દર્જ થયું હોવાનું જાણવા મળ્યું છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની જેલની સજા

## ચેકની કુલ રકમ રૂા. ૧૦.૪૪ લાખ ચૂકવવાનો કોર્ટનો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

પુણાગામ વિસ્તારમાં રહેતા રાધેશ્યામ મંગલદાસ નિમાવતને ચેક રિટર્નના કેસમાં સુરત કોર્ટે ૧ વર્ષની કડક સજા ફટકારી હતી. આરોપી રાધેશ્યામે 'ધી યુથ સેવિંગ એન્ડ ક્રેડીટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ' પાસેથી સામાજિક વપરાશ માટે રૂા. ૧૦ લાખની લોન લીધી હતી.લોન પરત કરવામાં અનિયમિતતા દાખવતા, સંસ્થાના મેનેજર શૈલેષ એલ. રાદડીયાએ સંપર્ક કરતા આરોપીએ બાકી લેણી રકમ પેટે રૂા. ૧૦,૪૪,૦૭૦ નો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં રજૂ કરતા અપૂરતા ભંડોળને કારણે પરત ફર્યો હતો. લીગલ નોટિસનો પ્રતિસાદ ન મળતા એડવોકેટ રમેશ વી. સાનેપરા મારફતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફયિાદ દાખલ કરવામાં આવી હતી.કેસની સુનાવણી બાદ, પુરાવા અને એડવોકેટની રજૂઆતોને ધ્યાને રાખી કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેકની પૂરેપૂરી રકમ ફરીયાદીને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

# સગીર છોકરીના અપહરણ કેસમાં યુવકના જામીન મંજૂર કરતી કોર્ટ

## શરતોને આધિન જામીન મંજૂર કરતી સેશન્સ કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સગીરાને ભગાડી જવાના કેસમાં સલાબતપુરાના યુવકના જામીન સુરત સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.

સલાબતપુરા વિસ્તારના શાહરૂખ શેખ વિરુદ્ધ ૧૭ વર્ષીય સગીરાના અપહરણ અને મરજી વિરુદ્ધ દુષ્કર્મના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ મુજબ, ગત ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ આરોપી સગીરાને એક્ટિવા પર બેસાડી ગાંધીબાગ પાસે લઈ ગયો હતો અને ત્રણ દિવસ સુધી ગોંધી રાખી હતી. શાહરૂખ સામે દુષ્કર્મનો પણ આરોપ હતો.

આ કેસમાં શાહરૂખની ધરપકડ બાદ આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આરોપી પક્ષના વકીલ ધાર્મિક જી. ખડાવાલા અને નદીમ એચ. ચૌધરીએ દલીલો કરતા જણાવ્યું હતું કે, "આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ હતો. સગીરાએ સ્વેચ્છાએ ઘરે જવાની ના પાડતા તેને શેલ્ટ હોમમાં રાખવામાં આવી હતી. ત્યારબાદ પિતાના દબાણ હેઠળ આ ખોટી ફરિયાદ કરવામાં આવી છે." કોર્ટે બંને પક્ષોની દલીલો અને કેસની પરિસ્થિતિને ધ્યાને રાખી, કેટલીક શરતોને આધીન આરોપી શાહરૂખના જામીન મંજૂર કરતો હુકમ કર્યો હતો.

# આદીદેવ હોલીડે ટુર્સ દ્વારા ૪૪ લોકો સાથે ૯.૪૬ લાખની ઠગાઈ

## અયોધ્યા, નેપાળ વગેરે ટુરના બહાને લોકો પાસેથી રૂપિયા પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

અલથાણ ભીમરાડ કેનાલ રોડ પર આવેલા આદીદેવ હોલીડે ટૂર એન્ડ ટ્રાવેલર્સે અડાજણમાં અનાજ દળવાની ઘંટી ચલાવનાર સહિત ૪૪ લોકોને અયોધ્યા, નેપાળ, ગંગટોક તેમજ દાર્જીલીંગ બાગડોગરા બાય ફલાઈટ લઈ જવાનું ટુર બુક કરવાના કુલ રૂ.૯.૪૬ લાખ લઈ લીધા બાદ અધુરી ટુર કરાવી રૂપીયા પરત નહીં કરાયા હોવાની ફરીયાદ ચોકબજાર પોલીસ મથકે નોંધાઈ છે.

ચોકબજાર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અડાજણ સ્વામીનારાયણ મંદિર પાસે ભગવાન પાર્ક સોસાયટીમાં રહેતા સંજય સત્યનારાયણ જોષી ઉ.વ.૫૨ અનાજ દળવાની ઘર ઘંટી ચલાવે છે. દરમિયાન વર્ષે ૨૦૨૨ના મે મહિનામાં સંજય જોષી સહિત કુલ ૪૪ વ્યક્તિઓ નેપાળ, અયોધ્યા, દાર્જીલીંગની ટુર ટુર ઓપરેટર યુવરાજ દિપકભાઈ જરીવાલા (એટલાન્ટા, બિઝનેશ હબ, મારવેલા કોરીડોર, વેસુ વીઆઈપી રોડ) ખાતે આદીદેવ હોલીડે ટુર એન્ડ ટ્રાવેલ્સના મુખ્ય સંચાલક છે તેની પાસે ટુર બુક કરાવ્યું હતું. યુવરાજ જરીવાલાએ સંજય જોષી સહિત કુલ ૪૪ જણાએ કુલ રૂ.૯.૪૬ લાખ ચુકવ્યા હતા. જોકે ટુર દરમિયાન યુવરાજ જરીવાલાએ તેમના માતા દિપીકાબેન જરીવાલા અને મેનેજર શીતાન્સુ ઉપાધ્યાયને મોકલી અધુરી ટુર કરાવી નેપાળ બોર્ડર ક્રોસ કરાવી ત્યાંથીબનારસ ખાતે મુસાફરોને મોકલી આપ્યા હતા. યુવરાજ જરીવાલાએ અધુરી ટુર બદલ રૂ.૫.૨૮ લાખ પરત કરવાનું જણાવ્યું હતું. જોકે આ રકમ પરત નહીં કરાતા ગઈકાલે સંજય જોષી દ્વારા ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરીયાદ કરવામાં આવી હતી.

# કીમ નહેર પાસેના હત્યા કેસમાં બે સગીર સહિત ત્રણનો છૂટકારો

## પુરાવાના અભાવે ભરત કુકડિયા અને બે બાળ આરોપી નિર્દોષ ઠર્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

કામરેજના શેખપુર ગામની સીમમાં કીમ નહેર પાસે ૨૦૨૧માં બનેલા ચકચારી હત્યાકાંડમાં પોલીસના પુરાવાઓના અભાવે કોર્ટે મુખ્ય આરોપી ભરત કુકડીયા સહિત બે બાળ આરોપીઓને નિર્દોષ ઠરાવી જેલમુક્ત કરવાનો આદેશ કર્યો હતો.

૯ માર્ચ ૨૦૨૧ના રોજ કામરેજમાં નહેરના રોડ પર એક સળગેલી હાલતમાં અજાણી લાશ મળી આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે આ લાશ પત્રકાર વિજયભાઈ દેસાણીયાની હતી. આરોપ મુજબ, મુખ્ય આરોપી ભરત કુકડીયા સાયણ વિસ્તારમાં દેહવિક્રયનો ધંધો ચલાવતો હતો અને વિજયભાઈ તેને બ્લેકમેઈલ કરી ખંડણી માંગતા હોવાથી, ભરતે ત્રણ સગીરોને પૈસાની લાલચ આપી પત્રકારની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. વિજયભાઈને ઘેનની ગોળી આપી, તીક્ષ્ણ હથિયારથી હત્યા કરી પુરાવા નાશ કરવા ડીઝલ છાંટી લાશ સળગાવી દેવામાં આવી હતી.

પાછલા પાંચ વર્ષથી જેલમાં બંધ આરોપીઓ વતી વકીલોએ દલીલ કરી હતી કે પોલીસ ઠોસ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી છે. કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી 'બેનિફિટ ઓફ ડાઉટ' (શંકાનો લાભ) આપી ત્રણેયને નિર્દોષ જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ કેસના ચોથા બાળ આરોપી સામેની કાર્યવાહી હજુ જુવેનાઈલ કોર્ટમાં ચાલી રહી છે. બચાવ પક્ષે વકીલો એચ.એન.પાટિલ, જયેશકુમાર એલ. રાણા, એચ.આર.પાલેઘરા, ભુમી એ. કલારીયા અને પ્રફુલ એચ. સોલંકી હાજર રહ્યા હતા

# પોલીસ લોક અપમાં સુવિધા અંગે માનવ અધિકાર પંચનો દિશા નિર્દેશ

## વકીલ આર.બી.મેંદપરાની અરજી અંગે ગુજરાત પોલીસને આયોગે આદેશ જારી કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

ગુજરાત રાજયમાં આવેલ દરેક પોલીસ સ્ટેશન માં તહોમતદારો માટે લોક-અપની વ્યવસ્થા કરવામાં આવેલ છે, સદર લોક-અપમાં હવા ખાવા માટે પંખાની વ્યવસ્થા કરવામાં આવેલ નથી, અને લોક-અપમાં આવેલ તમામ વ્યકિતઓ આરોપીઓ હોતા નથી અને કાયદાના સામાન્ય નીયમ મુજબ '' જયાં સુધી કોઈપણ ગુનો સાબીત ન થાય ત્યાં સુધી દરેક આરોપી નીર્દોષ હોવાનું માનવુ જોઈએ " આથી લોક-અપમાં આવતા તમામ વ્યકિતઓને આરોપી માની લેવા જોઈએ નહી, અને ગુજરાત રાજય ના તમામ પોલીસ સ્ટેશનોમાં આવેલ લોક-અપમાં જીવન મહત્વની જરૂરીયાત હવા માટે પંખાઓની વ્યવસ્થા ન કરવામાં આવેલ હોય અને આરોપીઓના માનવ અધીકારનો સ્પષ્ટ પણે ભંગ થતો હોય આથી આરોપીઓના માનવ અને બંધારણીય અધીકારોનો ખુલ્લેઆમ ભંગ થતો હોય આથી તેઓની સેફટી તથા બંધારણીય અધીકારોને ધ્યાને લઈ ગુજરાત રાજયમાં આવેલ તમામ પોલીસ સ્ટેશનના લોક-અપમાં કસ્ટડીમાં આવેલ માણસોને હવા ઉજાસ માટે કુલર અથવા ટેબલ ફેન લગાવી પ્રાથમીક સુવિધાઓ આપવા વકીલશ્રી આર.બી.મેંદપરા દ્વારા માન.ગુજરાત માનવ અધિકાર આયોગ, ગાંધીનગર માં અરજી કરતા માન.ગુજરાત માનવ અધિકાર આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ વકીલશ્રી આર.બી.મેંદપરાની રજુઆતો ધ્યાને લઈ હુકમ કરી જણાવેલ છે, કે " પોલીસ અધીકારીશ્રી અરજદારશ્રીની અરજીમાંની રજુઆત ધ્યાને લઈ જરૂર જણાય તો લોકઅપમાં સલામતીની સાથે લોકઅપમાં કસ્ટડીમાં આવેલ માણસોને હવા ઉજાસ માટે પ્રાથમીક સુવીધા પુરી પાડવા તે મુજબની કાર્યયોજના/પોલીસીનું નિર્માણ કરશે તથા અરજદારશ્રીને તેની જાણ કરશે, માનવ અધીકાર આયોગના અધકારક્ષેત્રમાં ભલામાણ કરવાની સત્તા હોય ઉપરોકત નિર્દેષ કરવામાં આવે છે.'' તેવો હુકમ કરી અરજદારશ્રી આર.બી.મેંદપરાની અરજી ફૈસલ કરેલ છે.

# ત્રિદિવસીય સુવાલી બીચ ફેસ્ટિવલનો રંગારંગ પ્રારંભ

## તા.૧૧ જાન્યુઆરી સુધી બીચ ફેસ્ટિવલ માણવાની તકઃ રમણીય પ્રવાસન સ્થળ તરીકે સુવાલીના દરિયાકિનારાનો સ્ટેટ ઓફ ધ આર્ટ વિકાસ કરવા રાજ્ય સરકાર તત્પર : સોમનાથ સ્વાભિમાન પર્વના અવસરને વધાવવા ઓસમાણ મીરે શિવ તાંડવ સહિત શિવવંદનાની ભાવવાહી પ્રસ્તુતિ કરીઃ સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતગમત, લોકડાયરાની રમઝટ અને દરિયાકિનારાનો આહ્લાદક માહોલ માણવાની તક

**સુરત, તા.૧૦**

દરિયાકિનારાના પ્રવાસન સ્થળો, વિવિધ બીચ પર પ્રવાસનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા.૯ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન આયોજિત ત્રિદિવસીય સુવાલી બીચ ફેસ્ટિવલને સાંસદ મુકેશભાઈ દલાલ અને ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ધારાસભ્ય સર્વ શ્રી મનુભાઈ પટેલ, પ્રવિણભાઈ ઘોઘારી, અરવિંદ રાણા, જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ સહિતના પદાધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ દલાલે જણાવ્યું કે, આપણું રાજ્ય કુદરતી સંપદાઓથી ભરેલું છે. સુવાલીના દરિયાકિનારાને રમણીય પ્રવાસન સ્થળ તરીકે સ્ટેટ ઓફ ધ આર્ટ વિકાસ કરવા માટે રાજ્ય સરકાર કાર્યરત છે. સુરત સહિત સ્થાનિક લોકો માટે રોજગારીનું આગવું કેન્દ્ર તેમજ હરવા ફરવાના શોખીનોને વધુ એક પ્રવાસન સ્થળ તરીકે સુવાલી બીચ લોકપ્રિય બની રહ્યો છે.

ચોર્યાસીના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું કે, શહેરની વધતી વસ્તીને ધ્યાને લઈ પ્રવાસન સુવિધાઓ વધે એ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ સુંવાલી બીચનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા સરકાર તત્પર છે. જેનાથી આસપાસના ગામોના લોકો માટે રોજગારીનું સર્જન થશે.

છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સુંવાલીના વિકાસ માટે કરવામાં આવેલા વિકાસકામોની વિગતો આપતા કહ્યું કે, ૨૦૨૩ના વર્ષમાં રૂા.૭ કરોડના ખર્ચે સુવાલી તરફ જવા માટેના રસ્તાને ૧૦ મીટર પહોળો કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂા.૨.૨૦ કરોડના ખર્ચે વિશ્રામગૃહના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. રૂા.૪૦ લાખના ખર્ચે ૧૦૦ ફુટની ઉંચાઈ ધરાવતો હાઈમાસ્ટ ટાવર બન્યો છે, જે ૪૦૦ વોટની ૧૬ હેલોજનની ક્ષમતા ધરાવે છે. સુંવાલી બીચ થી મોરા ગામના મુખ્ય માર્ગ સુધી એ.એમ.એન.એસ. ઈન્ડિયાના સી.એસ.આર.ફંડ અંતર્ગત ૩૫૦ સોલાર લાઈટો તેમજ સુરક્ષા માટે રૂા.૩૦ લાખના ખર્ચે સુંવાલી બીચ પોલીસ વોચ ટાવર અને સુવાલી બીચ પોલીસ ચોકી ઉભી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ધારાસભ્યશ્રીએ કહ્યું કે, વનવિભાગ દ્વારા રૂા.ચાર લાખના ખર્ચે વન કુટિર તથા ગ્રામ પંચાયત દ્વારા દરિયાકાંઠે ચઢવા- ઉતરવા માટે રૂા.૧૫ લાખના ખર્ચે ત્રણ રેમ્પ બનાવાયા છે. જ્યારે જિ. પંચાયતના સહયોગથી રૂા.૨૭ લાખના ખર્ચે શૌચાલય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને ડેવલપ કરનાર આર્કીટેક્ટ ફર્મ દ્વારા સુવાલી બીચના ડેવલપમેન્ટ માટેનો સર્વે પણ કરવામાં આવ્યો છે, જે મુજબ આગામી સમયમાં તબક્કાવાર સુવાલી બીચને આધુનિક ઢબે વિકાસ કરવામાં આવશે. ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી મહાનુભાવોએ અહી વિવિધ સ્ટોલ્સની મુલાકાત અંતર્ગત માહિતી ખાતાના પ્રસાર પ્રચાર સાહિત્ય વિતરણ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, હજીરા વિસ્તારની વિવિધ કંપનીઓના અધિકારીઓ સર્વશ્રી સંજય દેસાઈ, હેમંત દેસાઈ, સંતોષ મૂંદડા, ભાવેશ ડોંડા, મનપા, જિલ્લા વહીવટીતંત્ર અને પ્રવાસનના અધિકારીઓ અને ગ્રામજનો, મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુવાલી બીચ ફેસ્ટીવલમાં પ્રવાસીઓને આકર્ષવા માટે બીચ સ્પોર્ટ્સ પ્રવૃતિઓમાં બીચ વોલિબોલ, દોરડા ખેંચ, કાઈટ્સ, ઊંટસવારી, કમાન્ડો નેટ, બીમ બેલેન્સિંગ, બર્મા બ્રિજ, રોપ ક્લાઈમ્બિંગ, ટાયર ક્લાઈમ્બિંગ, દિવસ દરમિયાન મહેંદી, સંગીત, નૃત્ય, ચિત્રકળા, અન્ય પ્રવૃતિઓ-માટી કળા, બાળકો માટે રમતો તથા ફૂડ કોર્ટ, ક્રાફ્ટ સ્ટોલ્સ, ફોટો કોર્નર પણ છે.સાહસના શોખીનો માટે અહી એડવેન્ચર્સ સ્પોર્ટ્સ છે, તો ભાતીગળ વસ્તુઓના ચાહકો માટે હસ્તકલાની વસ્તુઓના સ્ટોલ્સ પણ છે. બાળકોના મનોરંજન માટે પણ અહી સરસ મજાનું આયોજન છે. એકંદરે આ સમગ્ર ફેસ્ટિવલ આબાલ-વૃદ્ધ સૌને ગમી જાય તેવો અવસર સુરતીઓને પ્રાપ્ત થયો છે.




### પ્રખ્યાત લોકગાયક પિતા-પુત્ર ઓસમાણ મીર અને આમીર મીરે ગીતસંગીતની રમઝટ બોલાવી

બીચ ફેસ્ટિવલમાં સંધ્યા સમયે પ્રખ્યાત લોકગાયક પિતા-પુત્ર ઓસમાણ મીર અને આમીર મીરે સમારોહમાં ગીતસંગીતની રમઝટ બોલાવી શ્રોતાઓને ડોલાવ્યાં હતા. સંગીત વૃંદના સંગીતના તાલે સુરતીઓ થીરકયા હતા. પિતા-પુત્રની જોડીએ સુમધુર સ્વરે વિવિધ લોકગીતો, પ્રાચીન અર્વાચીન ગીતો ગાઈને ઉપસ્થિત તમામને સંગીતમાં રસતરબોળ કર્યા હતા. ખાસ કરીને, સોમનાથ મંદિર ખાતે સોમનાથ સ્વાભિમાન પર્વનો ભવ્ય પ્રારંભ થયો છે, ત્યારે આ અવસરને વધાવવા ઓસમાણ મીરે શિવ તાંડવ, નગર મે જોગી આયા, શિવને ભજો દિન ને રાત જેવી શિવવંદનાની ભાવવાહી અને અદ્ભૂત પ્રસ્તુતિ કરી હતી.

# પ્રેમનો સૌથી મજબૂત પાયો વિવાદ વગરનો સંવાદ છે : પારસ પાંધી

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'પ્રેમનું ગણિત' વિષય પર વિચારપ્રેરક કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૧૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' નામની અનોખી વિચારશ્રેણી અંતર્ગત બુધવાર, તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'પ્રેમનું ગણિત' વિષય પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા આધ્યાત્મિક પ્રેરક શ્રી પારસ પાંધીએ પ્રેમના ગણિત તથા તેના વિવિધ માનવીય અને આધ્યાત્મિક પાસાઓ અંગે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. શ્રી પારસ પાંધીએ પોતાના પ્રેરક સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રેમનો સૌથી મજબૂત પાયો સંવાદ છે અને તે પણ વિવાદ વિનાનો સંવાદ. નારાજગી ભલે થાય, પરંતુ તેને શાંતિપૂર્વક સમાપ્ત કરવી જોઈએ. જે વ્યક્તિ બીજાને સ્મિત આપી શકતો નથી, તે દુનિયાને કંઈ આપી શકતો નથી. લગ્ન માટે મળતી વખતે ચા કે કોફીની પસંદગી કરતા પહેલા એ જોવું વધુ મહત્વપૂર્ણ છે કે બંને વ્યક્તિઓ સાથે બેસીને ચા–કોફી પી શકશે કે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સજ્જન વ્યક્તિના સત્યને હંમેશા ટુકડામાં જોવું જોઈએ, જ્યારે દુર્જન વ્યક્તિના સત્યને સામૂહિક રીતે જોવું જોઈએ. છેલ્લા દસ વર્ષમાં જેટલા છૂટાછેડા થયા છે, એટલા છેલ્લા ૭૦ વર્ષમાં પણ થયા ન હતા. અગાઉના સમયમાં મોટિવેશન કે ડિપ્રેશન જેવા શબ્દો નહોતા, કારણ કે માણસમાં માણસ પ્રત્યે પ્રેમ હતો. પ્રેમમાં દયા અને ભાવમાં કરુણા સમાયેલી હતી. પ્રેમના ગણિત અંગે શ્રી પાંધીએ કહ્યું હતું કે, પ્રેમમાં ક્યારેય દલીલ નથી હોતી. આપવાની ભાવના સાથે અપેક્ષા રાખવી એ પ્રેમ નહીં પરંતુ વ્યાપાર છે. 'હું' અને 'તું' મળે ત્યારે 'આપણે' બને છે, પરંતુ 'હું', 'તું' અને 'અહં'નો સરવાળો થાય તો પરિણામ શૂન્ય બને છે. ભગવાન શ્રીકૃષ્ણએ પ્રેમના ચાર લક્ષણો દર્શાવ્યા છે– સમર્પણ, સેવા, વિનમ્રતા અને જિજ્ઞાસા. જેમાં આ ચાર ગુણ હોય તે વ્યક્તિ સાચા પ્રેમને પાત્ર બને છે. ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વક્તાનો પરિચય આપ્યો હતો, જ્યારે ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમ અધ્યક્ષ શ્રી રૂપીન પચ્ચીગરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# સાવરકુંડલામાં ઉજવાયું 'સોમનાથ સ્વાભિમાન પર્વ'

## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં મહાઆરતીનું ભવ્ય આયોજન

સાવરકુંડલા, તા,૧૦

સોમનાથ મહાદેવ મંદિરના અખંડ સ્વાભિમાન અને આસ્થાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે સમગ્ર રાજ્યમાં ભક્તિમય ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત સાવરકુંડલા શહેર ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા શ્રી રિદ્ધિ-સિદ્ધિ નાથ મહાદેવ મંદિર ખાતે શિવ પ્રસન્નાર્થે ભવ્ય 'લઘુરુદ્ર યજ્ઞ' તથા મહાઆરતી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સાવરકુંડલા શહેર ભાજપ પરિવાર દ્વારા આ પ્રસંગે જણાવાયું હતું કે, "સોમનાથ મંદિર આપણી અસ્મિતા અને અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષના સંઘર્ષ બાદ પણ અડગ રહેલી આપણી આસ્થાની યાત્રાને વધાવવા અને નવી પેઢીને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી માહિતગાર કરવાના ઉમદા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું." આ કાર્યક્રમના પ્રારંભે સવારથી જ શિવાલયમાં ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે લઘુરુદ્ર યજ્ઞની વિધિ શરૂ કરવામાં આવી હતી. હોમ અને શિવભક્તિથી સમગ્ર વાતાવરણ દિવ્ય બન્યું હતું. ધારાસભ્યશ્રી, ભાજપના અગ્રણીઓ અને ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાન ભોળાનાથની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી સમગ્ર વિસ્તારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ પાવન અવસરે સાવરકુંડલા શહેર તેમજ તાલુકાની ધર્મપ્રેમી જનતા ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને દર્શન તેમજ પ્રસાદનો લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના કાર્યકરો અને સામાજિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

# રેલવેને વસાહતી માનસિકતાથી સંપૂર્ણપણે મુક્ત કરાશે છે: વૈષ્ણવ

## રેલ સેવા અંગે વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ૨૬ ઝોનને શિલ્ડ એનાયત કર્યા



સુરત, તા.૧૦

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે ૧૦૧ રેલવે અધિકારીઓને ૭૦મા અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કારો અને વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ૨૬ ઝોનને શિલ્ડ એનાયત કર્યા. રેલવે બોર્ડના ચેરમેન અને સીઈઓ શ્રી સતીશ કુમાર, રેલવે બોર્ડના સભ્યો અને વિવિધ રેલવે વિભાગો અને ઉત્પાદન એકમોના જનરલ મેનેજરો સમારોહમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે, કેન્દ્રીય મંત્રીએ ભારતીય રેલવેના વિદ્યુતીકરણના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના સ્મરણાર્થે એક ટપાલ ટિકિટ પણ બહાર પાડી.

પુરસ્કારો અને શિલ્ડ અર્પણ કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોને સંબોધતા, રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે તમામ એવોર્ડ વિજેતાઓને તેમના અસાધારણ કાર્ય અને પ્રયાસો બદલ અભિનંદન આપ્યા. તેમણે છેલ્લા દાયકામાં ભારતીય રેલવે દ્વારા કરવામાં આવેલી પરિવર્તનશીલ પ્રગતિ પર પ્રકાશ પાડ્યો. તેમણે સલામતી, સુધારા અને નવીનતા પર ભાર મૂક્યો, તેમજ રેલવેમાંથી વસાહતી માનસિકતાને સંપૂર્ણપણે દૂર કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

પોતાના સ્વાગત પ્રવચનમાં, રેલ્વે બોર્ડના અધ્યક્ષ અને સીઈઓ શ્રી સતીશ કુમારે ભારતમાં રેલ મુસાફરોને વિશ્વ કક્ષાના મુસાફરી અનુભવો અને સસ્તી રેલ સેવાઓ પ્રદાન કરવા માટે ભારતીય રેલ્વેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે સભાને સંબોધતા, રેલ્વે બોર્ડના અધ્યક્ષે કહ્યું કે ગતિ, આરામ અને સલામતીના સિદ્ધાંતોમાં શ્રેષ્ઠતા અમારી ટોચની પ્રાથમિકતા છે. તેમણે ઉમેર્યું કે અમે મુસાફરોના અનુભવને વધારવા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો સમાવેશ કરી રહ્યા છીએ. તેમણે તમામ પુરસ્કાર વિજેતા અધિકારીઓ અને કર્મચારીઓની પ્રશંસા અને અભિનંદન આપ્યા.

# ઓરબીટ સ્માર્ટ સ્કૂલમાં બે દિવસીય સ્પોર્ટ્સ ડેની ઉજવણી

## ઉત્સાહભેર શિસ્તબધ્ધ રીતે રમતોત્સવ યોજાયો

સુરત, તા.૧૦

ઓરબીટ સ્માર્ટ સ્કૂલમાં તા.૦૮.૦૧.૨૦૨૬ અને ૦૯.૦૧.૨૦૨૬ના રોજ બે દિવસીય સ્પોર્ટ્સ ડેની ઉજવણી અત્યંત ઉત્સાહ,આનંદ અને રમતિયાળ ભાવનાના માહોલમાં કરવામાં આવી હતી.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી,ટીમવર્ક,શિસ્ત અને ખેલભાવનાનો વિકાસ કરવો હતો. કાર્યક્રમની શરૂઆત સંચાલકશ્રી મનસુખભાઈ સરખેલીયા, આચાર્યશ્રી નિકુંજભાઈ કટારિઆ, હિમાંશુભાઈ રાજ, ફાલ્ગુનીબેન પટેલ અને તમામ વિદ્યાર્થીઓ દ્વારા મશાલ યાત્રા કાઢી કરવામાં આવી હતી.સંચાલકશ્રીની માર્ગદર્શક ભૂમિકા અને તમામ સ્ટાફની આયોજનક્ષમતાના કારણે સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો. આ પ્રસંગે શાળાના સંચાલકશ્રી મનસુખભાઈએ વિદ્યાર્થીઓને રમતગમતના મહત્વ વિશે પ્રેરણાદાયક સંદેશ આપ્યો અને ખેલભાવનાને જીવનમાં અપનાવવાની અપીલ કરી.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. તેમણે વિવિધ રમતોની આયોજન, વ્યવસ્થા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની જવાબદારી ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી. સ્પોર્ટ્સ ડે દરમિયાન વિદ્યાર્થીઓએ દોડ, કબડ્ડી, ખો-ખો, સંગીત ખુરશી,રિલે રેસ સહિતની વિવિધ ઈન્ડોર અને આઉટડોર રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.દરેક સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા, શક્તિ અને રમતિયાળ ભાવનાનો સુંદર પરિચય આપ્યો. પ્રેક્ષકો અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સતત ઉત્સાહ આપવામાં આવ્યો,જેના કારણે સમગ્ર માહોલ ઉત્સવ સમાન બની ગયો.કાર્યક્રમના અંતે વિજેતા તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મેડલ અને પ્રશસ્તિપત્રો આપી તેમનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર સ્પોર્ટ્સ ડે કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે યાદગાર અનુભવ બની રહ્યો અને શાળાના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

# કાલે સુરતમાં સાબરકાંઠા કડવા પાટીદાર સમાજનો સ્નેહમિલન

## સાંસ્કૃતિક વારસો, સામાજિક સન્માન અને વિદ્યાર્થી સન્માનનો ત્રિવેણી સંગમ રચાશે

સુરત, તા.૧૦

સાબરકાંઠા કડવા પાટીદાર સમાજ, સુરત દ્વારા સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ સંચાલિત કતારગામ શ્રીમતી એમ એસ ખેની ભવન આંબા તલાવડી ખાતે સમાજની એકતા અને ગૌરવનું પ્રતિક સમાન એક ભવ્ય સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમનું આગામી ૧૧ મી જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત મહાનુભાવોનું સામાજિક સન્માન, વડીલ વંદના અને વિદ્યાર્થી સન્માન નો ત્રિવેણી સંગમ રચાશે, કાર્યક્રમનો મૂળ હેતુ વતનની માટીની સુગંધ સાથે કર્મભૂમિ સુરતમાં સૌને એક મંચ પર લાવી સંગઠન, સ્નેહ અને સહ અસ્તિત્વની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો છે જેમાં સાબરકાંઠા ના કડવા પાટીદાર સમાજના તમામ બંધુઓ એકતાની શક્તિના દર્શન કરાવશે. સુરત ખાતે વસતા સાબરકાંઠા કડવા પાટીદાર સમાજના પરિવારોની સમાજની સાંસ્કૃતિક એકતાને વધુ મજબૂત બનાવવા તેમજ સમાજના સ્નેહમિલન સમારોહ ના ગરીમા પૂર્ણ અવસરે સાબરકાંઠાના વિવિધ ગોળ ના ગૌરવ સમા વિશિષ્ઠ મહાનુભાવો એવા પ્રમુખો તેમજ દિગ્ગજ આગેવાનો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે આ ભવ્ય આયોજન દરમિયાન સમાજનું ગૌરવ વધારનાર તેમજ સમાજની ઉન્નતીમાં પાયાનું યોગદાન આપનાર વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવશે કાર્યક્રમની શરૂઆતમાં પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય સાથે કડવા પાટીદાર સમાજ ના કુળદેવી શ્રી ઉમિયા માતાજી ના આશિર્વચન દ્વારા મંગલ પ્રારંભ કરવામાં આવશે. આ ગરિમામય અવસરે ૪૨ ગોળ કડવા પાટીદાર સમાજના પ્રમુખ નારાયણભાઈ પટેલ, ૨૭ ગોળ કડવા પાટીદાર સમાજ ના પ્રમુખ જેઠાભાઈ પટેલ, ૧૨ ગોળ કડવા પાટીદાર સમાજના ઉપપ્રમુખ મનુભાઈ પટેલ તેમજ ૧૭ ગોળ કડવા પાટીદાર સમાજના પ્રમુખ બાબુભાઈ ગોવિંદભાઈ પટેલ સહિતના તમામ અતિથિવિશેષો નું શાલ, સ્મૃતિચિન્હ અને પુષ્પગુચ્છ અર્પણ કરી ભાવભર્યું વિશેષ સન્માન અને શિક્ષણ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવશે. તેમજ વડીલોના આશીર્વાદ સાથે નવી પેઢી સુધી સંસ્કાર, સંઘર્ષ અને સફળતાની પ્રેરણાદાયી વારસા ગાથા પહોંચાડવાનો પ્રયાસ રહેશે. સમગ્ર કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના ખેડૂત અગ્રણી, સાયણ સુગર ફેક્ટરીના ડિરેક્ટર તેમજ સર્વોદય જંગ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી દર્શનભાઈ એ. નાયક ને આમંત્રિત કરાયા છે જેમની પ્રેરક ઉપસ્થિતિ સમાજની એકતાને મજબૂત બનાવવા માટે માર્ગદર્શક રૂપ બની રહેશે. જેઓનું વિશિષ્ઠ સન્માન સાબરકાંઠા કડવા પાટીદાર સમાજ, સુરત દ્વારા કરવામાં આવશે. મંચ પર બિરાજમાન તમામ મહાનુભવો દ્વારા પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં પાટીદાર સમાજના વિકાસમાં શિક્ષણ અને સામાજિક ઉત્થાન ના મહાયજ્ઞ દ્વારા કેવી રીતે પ્રગતિ સાધી શકાય તે અંગેનો ચિતાર રજૂ કરશે. આ સ્નેહમિલન સમારોહમાં કડવા પાટીદાર સમાજના સુરતના સંકલનની માહિતી આપવામાં આવશે આ ઉપરાંત આગામી સમયમાં પાટીદાર સમાજમાં વિવિધ ક્ષેત્રે નવા સુધારાઓ સાથે ક્રાંતિ કેવી રીતે લાવી શકાય તે અંગેનું મંચસ્થ મહાનુભાવો સંબોધન દ્વારા ચિતાર રજૂ કરશે આ સ્નેહમિલન સમારોહ માં મોટી સંખ્યામાં સમાજના તમામ પરિવારોને સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સ્નેહ મિલન સમારોહને સફળ બનાવવા માટે સમગ્ર યુવા ટીમ જહેમત ઉઠાવી રહી છે.



# બે લાખથી વધુ મહિલાઓ સુરતના એમ્બ્રોડરી સેક્ટરમાં જોડાયેલી છે

## સરસાણા ખાતે અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓનું સૌથી વિશાળ પ્રદર્શન

સુરત, તા.૧૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઈડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૬'નો શુક્રવારથી શુભારંભ થયો છે.

તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. સુરતના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સૌરભ પારધી ઉદ્‌ઘાટક તરીકે પધાર્યા હતા અને તેમના વરદ્ હસ્તે સીટમે– ૨૦૨૬નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફેડરેશન ઓફ સુરત ટેક્ષ્ટાઈલ ટ્રેડર્સ એસોસીએશન (ફોસ્ટા)ના પ્રમુખ શ્રી કૈલાશ હકીમ અને અજમેરા ફેશન્સ લિમિટેડના સીઈઓ એન્ડ ફાઉન્ડર શ્રી અજય અજમેરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ ખેતી બાદ દેશનો સૌથી વધુ રોજગારી આપતો ઉદ્યોગ છે. સુરત શહેરમાં આશરે ૨૪ લાખ લોકોને ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ દ્વારા રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. સુરતમાં અંદાજે ૨ લાખ એમ્બ્રોઈડરી મશીનો કાર્યરત છે, જેના માધ્યમથી મહિલા સશક્તિકરણને વિશેષ પ્રોત્સાહન મળી રહ્યું છે. હાલ અંદાજે ૨ લાખથી વધુ મહિલાઓ એમ્બ્રોઈડરી સેક?ટર સાથે જોડાયેલી છે. તેમણે કહયું કે, સીટમે એકઝીબીશન માટે પ્રથમ વખત બે ડોમ પણ ઓછા પડી રહયા છે, જે ઉદ્યોગકારોની ઉત્સાહપૂર્ણ ભાગીદારી દર્શાવે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને ઉડવા માટે આકાશ અને દોડવા માટે રનવે આપી દીધો છે. કેન્દ્ર સરકાર તરફથી મળતા સતત સહયોગ અને અનુકૂળ નીતિઓના કારણે ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ ઝડપી ગતિએ વિકાસ કરી રહ્યો છે અને વૈશ્વિક સ્તરે પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યો છે. સુરતના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, સુરતના સર્વાંગી વિકાસમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં એમ્બ્રોઈડરી સેકટરે વિશેષ ભૂમિકા ભજવી છે. આ એકઝીબીશનમાં ટેક્ષ્ટાઈલ ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજી અને આધુનિક મશીનરીનું વિશાળ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, જેનાથી ઉદ્યોગકારોને નવી ટેકનોલોજી અપનાવવાની તક મળશે અને તેના થકી ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ શકય બનશે.

# સુવાલી બીચ ફેસ્ટીવલ અંગે ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

સુરત તા.૧૦

સુરત શહેરના પોલીસ કમિશ્નરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા સુવાલી બીચ ખાતે "સુવાલી બીચ ફેસ્ટીવલને ધ્યાને લઈને તારીખ-૦૯/૦૧/૨૦૨૬ થી તા.૧૧/૦૧/૨૦૨૬ના દરમિયાન ONGC ચાર રસ્તાથી હજીરા ગણપતિ ચેક પોસ્ટ સુધી, મોરા ત્રણ રસ્તા સર્કલથી સુવાલી રોડ તેમજ કેન એનર્જી ત્રણ રસ્તાથી સુવાલી બીચ રોડ થઈ સુવાલી બીચ સુધી અવર જવર કરવાના રોડ પર ભારે વાહનોની અવર-જવર, પાર્કિંગ કરવા તેમજ બીજા આંતરીક ગલી રસ્તાઓનો ઉપયોગ કરવા કે રૂટ ઉપર પ્રવેશ કરવા પ્રતિબંધ ફરમાવ્યો છે. અપવાદ તરીકે ફાયર બ્રિગેડ, એબ્યુલન્સ તથા અન્ય ઈમરજન્સી જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ. ઔદ્યૌગિક એકમમાં ફરજ બજાવતાં કર્મચારીઓની શિફ્ટની બસોને અવર જવર કરવા માટે મુકિત આપવામાં આવી છે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

### વડાપ્રધાન મોદી આજથી

પહેલા પાનાનું ચાલુ

જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન આ પરિષદના ભાગીદાર દેશો હશે. રાજકોટથી, પ્રધાનમંત્રી અમદાવાદ જશે. મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન પર સાંજે લગભગ ૫:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી સેક્ટર ૧૦અ થી મહાત્મા મંદિર સુધીના અમદાવાદ મેટ્રોના બીજા તબક્કાના બાકીના ભાગનું ઉદ્ઘાટન કરશે.

૧૨ જાન્યુઆરીના રોજ, પ્રધાનમંત્રી અમદાવાદમાં જર્મનીના ફેડરલ ચાન્સેલર, ફ્રેડરિક મેર્ઝને મળશે. સવારે લગભગ ૯:૩૦ વાગ્યે, બંને નેતાઓ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે, ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે.

આ પછી સવારે ૧૧:૧૫ વાગ્યાથી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દ્વિપક્ષીય ચર્ચા થશે, જ્યાં પ્રધાનમંત્રી અને જર્મન ચાન્સેલર ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે, જેને તાજેતરમાં ૨૫ વર્ષ પૂર્ણ થયા છે.

### દિલ્હીમાં ગાઢ ધૂમ્મસ

પહેલા પાનાનું ચાલુ

નોઇડામાં, પરિસ્થિતિ ચિંતાજનક રહી. સેક્ટર ૧૨૫ માં ૩૫૮, સેક્ટર ૬૨ માં ૩૬૪, સેક્ટર ૧ માં ૩૯૭ અને સેક્ટર ૧૧૬ માં ૩૬૫ AQI નોંધાયું. ગાઝિયાબાદમાં, ઈન્દિરાપુરમમાં ૩૪૮, લોનીમાં ૩૬૮, સંજય નગરમાં ૩૦૭ અને વસુંધરામાં સૌથી વધુ ૪૩૨ AQI નોંધાયું, જે ગંભીર શ્રેણીમાં આવે છે.

હવામાન વિભાગ અનુસાર, ૧૦ જાન્યુઆરીની સવારે ધુમ્મસ છવાયું હતું. મહત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ ૬ ડિગ્રી સેલ્સિયસ આસપાસ હતું. ભેજનું સ્તર પણ ઊંચું હતું, જે ધુમ્મસ અને પ્રદૂષણની અસરોને વધારી રહ્યું હતું. ૧૧ જાન્યુઆરીએ લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી સુધી ઘટી જવાની ધારણા છે, જ્યારે ૧૨ જાન્યુઆરીએ ઠંડી અને ધુમ્મસભરી સ્થિતિ ચાલુ રહી શકે છે. જોકે ૧૧ અને ૧૨ જાન્યુઆરી માટે કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી, પરંતુ ધુમ્મસ અને ઠંડી સવાર અને સાંજે લોકોને પરેશાન કરતી રહેશે.

નિષ્ણાતો કહે છે કે ઓછા વરસાદ અને ધીમી પવનની ગતિને કારણે, પ્રદૂષક કણો વાતાવરણમાં ફસાયેલા રહે છે. તેથી, બાળકો, વૃદ્ધો અને શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. હાલમાં, પ્રદૂષણ, ઠંડી અને ધુમ્મસનો આ બેવડો માર દ્નઝઈમાં લોકોના રોજિંદા જીવનને અસર કરી રહ્યો છે, અને આગામી થોડા દિવસો સુધી પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવાની આશા ઓછી છે.

### દેશના મોટા ભાગમાં

પહેલા પાનાનું ચાલુ

ભિવાડી, હાજીપુર, મુઝફ્ફરનગર અને હાપુડ છે.રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે કે, ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૪૧૬ એવા શહેરો છે જે પ્રદુષણના ધોરણોને પુરા નથી કરી રહ્યો. ત્યારબાદ રાજસ્થાન (૧૫૮ શહેર), ગુજરાત (૧૫૨ શહેર), મધ્યપ્રદેશ (૧૪૩ શહેર), પંજાબ-બિહાર (૧૩૬-૧૩૬ શહેર), પશ્ચિમ બંગાળ (૧૨૪ શહેર) છે.

સરકારે સ્વચ્છ વાયુ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩૪૧૫ કરોડ રૂપિયા જાહેર કર્યા છે જેમાંથી ૭૪ ટકા રકમ એટલે કે ૯૯૨૯ કરોડ રૂપિયા ખર્ચાઈ ગયા છે. જેમાં ૬૮ ટકા માત્ર રસ્તા પરની ધુળ ઓછી કરવામાં ખર્ચાયા છે.

૧૩૦ એનસીએપી શહેરોમાંથી ૨૮ શહેરોમાં હજુ પણ કવોલિટી મોનીટરીગ સ્ટેશન નથી. જે ૧૦૨ શહેરોમાં સ્ટેશન છે, તેમાંથી ૧૦૦ શહેરોમાં પીએમ ૧૦નું લેવલ ૮૦ ટકા કે તેથી વધુ હતું. પીએમ ૧૦ના નિયંત્રણમાં પ્રગતિ પણ પુરી રીતે નથી. ૨૩ શહેરો એવા છે જયાં પ્રોગ્રામ શરૂ થયા બાદથી પીએમ ૧૦ સ્તરમાં અસલમાં વધારો થયો છે.

### સૌ પ્રથમવાર બજેટ

પહેલા પાનાનું ચાલુ

ગૃહોની બેઠક નહીં યોજાય.સંસદની બેઠક ૨૯ જાન્યુઆરીએ થશે, જે દિવસે આર્થિક સર્વેક્ષણ રજૂ કરાવાની સંભાવના છે. ત્યારબાદ ૩૧ જાન્યુઆરીએ લોકસભા અને રાજયસભાની બેઠક નહીં યોજાય. કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરાશે. રાષ્ટ્રપતિના અભિભાષણ અને કેન્દ્રીય બજેટ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા બાદ સંસદ બેઠક ૧૩ ફેબ્રુઆરીએ સ્થગિત થશે અને એક મહિનાના વિરામ બાદ ફરી મળશે.

સંસદની બેઠક ૯ માર્ચે ફરીથી શરૂ થશે અને સત્ર ૨ એપ્રિલ બુધવારે સમાપ્ત થશે. અધિકારીઓએ જણાવ્યું કે, સામાન્ય રીતે સંસદનું સત્ર શુક્રવારે સ્થગિત થાય છે. પરંતુ ૩ એપ્રિલે ગુડ ફ્રાઈડે અને ત્યારબાદ સપ્તાહાંતને ધ્યાનમાં રાખતા સત્ર ૨ એપ્રિલે સમાપ્ત થઈ શકે છે.આ વખતે બજેટ અનેક રીતે અલગ રહેવાનું છે. સૌથી પહેલા વાત પરંપરાથી હટીને બજેટ ૧ ફેબ્રુઆરીએ રવિવારના દિવસે રજૂ થશે. તેનાથી પણ વધુ ચર્ચાની એ વાત છે કે પહેલીવાર નાણા મંત્રાલયમાં કોઈ નાણા સચિવ હાજર નહી હોય, પરંતુ તેમ છતાં બજેટની તૈયારી તેજ થઈ ગઈ છે.

### યુવા સાથીદારો

પહેલા પાનાનું ચાલુ

મોદી સમક્ષ "વિકસિત ભારત" માટેનું પોતાનું વિઝન રજૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.ભારતની વિકાસ યાત્રામાં યુવાનોની ભાગીદારી વધારવા માટેની એક મોટી પહેલના ભાગ રૂપે, "વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ" (VBYLD ૨૦૨૬) ની બીજી આવૃત્તિ દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાલી રહી છે. આ કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના નેતૃત્વ હેઠળ યુવા બાબતોના વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રીય યુવા મહોત્સવથી પ્રેરિત, આ સંવાદનો ઉદ્દેશ્ય યુવા નેતાઓને "વિકસિત ભારત જ ૨૦૪૭" ના વિઝનને પ્રાપ્ત કરવા માટે નવીન વિચારો અને ઉકેલો રજૂ કરવા માટે એક ગતિશીલ રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમ યુવાનો, નીતિ નિર્માતાઓ અને રાષ્ટ્રીય અને વૈશ્વિક હસ્તીઓ વચ્ચે અર્થપૂર્ણ જોડાણને પ્રોત્સાહન આપશે, જેનાથી યુવા નેતાઓ દેશના ભવિષ્યને આકાર આપવામાં સક્રિયપણે યોગદાન આપી શકશે.

આ સંવાદ ૧૨ જાન્યુઆરીએ સમાપ્ત થશે, જે કાર્યક્રમના અંતિમ દિવસે છે, જે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી માટે રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે, જે આ પ્લેટફોર્મના રાષ્ટ્રીય મહત્વ અને યુવાનોના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રનિર્માણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકશે. વડા પ્રધાન યુવા સહભાગીઓ સાથે વાતચીત કરશે, જેનાથી તેમને રાષ્ટ્રનિર્માણ માટેના તેમના વિચારો સીધા દેશના ટોચના નેતૃત્વ સમક્ષ રજૂ કરવાની તક મળશે.

### કેન્દ્રીય મંત્રી

પેજ-૨ પાનાનું ચાલુ

મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે સ્વયં હાજરી આપવા જઈ રહ્યા છે. સોમનાથ મંદિરના પુનઃનિર્માણ માટે સરદાર વલ્લભભાઈ પટેલે અવિરત પ્રયત્નો કરીને મંદિરનું ભવ્ય પુનઃ નિર્માણ કરાવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ આ પરંપરાને આગળ વધારીને પ્રાચીન વૈભવને અનુરૂપ સોમનાથ મંદિરને સોનાથી મઢવાનું ઐતિહાસિક કાર્ય પૂર્ણ કર્યું છે.

આ વેળાએ ધારાસભ્ય સર્વશ્રી મુકેશભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, નાયબ પોલિસ અધિક્ષકશ્રી ડી.એચ.ગોર, અગ્રણીશ્રી વી.ડી.ઝાલાવાડીયા રેલ્વેના અધિકારી-કર્મચારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઉન પાટીયામાં

પેજ-૨ પાનાનું ચાલુ

જેથી પ્રક્રિયા વધુ સરળ, સુલભ અને લોકહિતકારી બની શકે.

ઉન પાટિયા મતદાર જાગૃતિ અભિયાનના પ્રતિનિધી મુહમ્મદ રોશનએ જણાવ્યું હતું કે, "અમારો હેતુ માત્ર એટલો જ છે કે કોઈપણ યોગ્ય નાગરિક પ્રક્રિયાની અઘરાઈ કે આર્થિક તકલીફને કારણે પોતાના મતાધિકારથી વંચિત ન રહે." આ રજૂઆત સંપૂર્ણપણે જનહિત અને લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવાના ઉદ્દેશથી કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

### વલસાડની

પેજ-૨ પાનાનું ચાલુ

દ્વિતીય સત્રમાં રવજીતસિંગ અટલ દ્વારા ધંધા ઉદ્યોગમાં ઉદભવતી તકોને ઓળખવી, ઉદ્યોગ સાહસિક બનવા માટે જરૂરી કાર્યક્ષમતાઓ અને મહિલા ઉદ્યોગ સાહસિકો માટેની સરકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી મુદ્રા યોજના, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, સીડ ફંડ સ્કીમ, મહિલા ઉદ્યોગ નિધિ યોજના તથા સફળ મહિલા ઉદ્યોગ સાહસીકોના ઉદાહરણો લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. એમ.જી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. EDC સેલના બહેનોને કો-ઓર્ડીનેટર ડૉ. નીલમ ઈટાળીયા તથા કાર્યક્રમ સમિતિના સભ્યો ડૉ. આર. જી. પવાર, ડૉ. ટી. બી. પટેલ,ડૉ. પારસ શેઠ વિવિધ માર્ગદર્શન કરી કાર્યક્રમને સંપૂર્ણ સહયોગ કર્યો હતો. તેમજ આભારવિધિ ડૉ.નીલમબેન ઈટાળીયા દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રો. વિજયકુમાર ચાંપાનેરી દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

### મસ્કતી

પેજ-૨ પાનાનું ચાલુ

કો-ઓર્ડિનેટર પ્રગતિબેને તેમની સંસ્થાની કામગીરી વિશે વાત કરતા જણાવ્યું કે, હાલમાં ૮૦,૦૦૦ જેટલા HIV પોઝિટિવ લાભાર્થીઓ તેમની સાથે નોંધાયેલા છે. સંસ્થા દ્વારા અનાથ HIV પોઝિટિવ બાળાઓની સારસંભાળ તેમજ હોસ્પિટલના દર્દીઓ અને ફૂટપાથ પર રહેતા જરૂરિયાતમંદોને ભોજન પૂરું પાડવાનું ઉમદા કાર્ય કરવામાં આવે છે.આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા તરફથી IDBI બેંકના અધિકારીઓ અને GSNP+ ના સ્ટાફને 'પ્રશસ્તિ પત્ર' અને 'મોમેન્ટો' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં આભાર વિધિ બાદ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.


**પશ્ચિમ રેલ્વે**

**રેલ નવીનીકરણ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ઈ-ટેન્ડર સૂચના નંબરઃ BCT/૨૫-૨૬/૨૯૩ તા. ૦૭/૦૧/૨૦૨૬ને આમંત્રણ આપે છે. કામ અને સ્થળ : પશ્ચિમ રેલ્વેના ઉકાઈસોનગઢ-જલગાંવ વિભાગ વચ્ચે સિનિયર ડેન (E) મુંબઈ સેન્ટ્રલના અધિકારક્ષેત્ર હેઠળ કોન્ટ્રાક્ટર્સ PQRS પોર્ટલ દ્વારા રેલ નવીનીકરણ (P)-૫.૧૩૧ Tkm અને સ્લીપર નવીનીકરણ (P)-7.69 Tkm. કામની અંદાજિત કિંમતઃ ૨,૦૮,૩૦,૧૨૨.૬૧. EMD: ૨,૫૪,૨૦૦/-. જમા કરવાની તારીખ અને સમયઃ ૦૩.૦૨.૨૦૨૬ના ૧૫:૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૦૩.૦૨.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહી. 0989

અમને લાઈક કરો: facebook.com/WesternRly


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
सोमनाथ स्वाभिमान पर्व
अटूट आस्था के 1000 वर्ष
❝ વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે, મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે. ❞
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ
સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા
સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન
મહાભિષેક | મહાઆરતી
સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ